પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૦૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૧-૦૪-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગુજરાત રમખાણ સમયે નરોડા ગામ હત્યાકાંડનો ચુકાદો

## માયા કોડનાની, બાબુ બજરંગી, જયદીપ પટેલ સહિત ૬૯ આરોપી નિર્દોષ જાહેર, ચુકાદો હાઈકોર્ટમાં પડકારાશે : વકીલ

અમદાવાદ,

નરોડા ગામ હત્યાકાંડમાં સ્પેશિયલ કોર્ટ દ્વારા આજે ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં ભાજપના પૂર્વ મંત્રી માયા કોડનાની, બાબુ બજરંગી, જયદીપ પટેલ સહિત તમામ ૬૯ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. આરોપીઓના પરિવારજનો કોર્ટની બહાર હતા અને મંત્રજાપ કરતા હતા. નિર્દોષ જાહેર થતા જ કોર્ટની બહાર જય શ્રીરામના નારા લગાવ્યા હતા. નરોડા ગામ હત્યાકાંડમાં ૨૦ વર્ષ, ૧ મહિનો અને ૨૦ દિવસ બાદ ચુકાદો જાહેર કરવામાં આવ્યો છે. જ્યારે ફરિયાદ પક્ષના વકીલ શમશાદ પઠાણે જણાવ્યું હતું કે, આ ચુકાદાને હવે હાઈકોર્ટમાં પડકારવામાં આવશે.

જ્યારે બચાવ પક્ષના વકીલ દિનેશ વાઘેલાએ જણાવ્યું હતું કે, સ્ટિંગના પૂરાવાને માન્ય ગણવામાં આવ્યો નહી, જે ફેબ્રિકેટેડ પણ હોય શકે છે. ૮ વર્ષ પછી રચાયેલી એસઆઈટીના પૂરાવા માન્ય રાખવામાં આવ્યા નથી. કોઈએ મારતા જોયા નથી, નિર્દોષ છૂટનારાઓને જોયા હતા અને તેમની હાજરી હતી તેના પર જ પૂરાવા ઊભા કરવામાં આવ્યા હતા.

શમશાદ પઠાણે જણાવ્યું હતું કે, અમારો પ્રશ્ન હજી એ જ છે કે, નરોડા ગામમાં ૧૧ લોકોને કોણે જીવતા સળગાવી દીધા હતા. સરકાર તરફથી અમને નિરાશા મળી હતી, બાદમાં એસઆઈટીની રચના કરવામાં આવી હતી. જેની તપાસ બાદ આજે સ્પેશિયલ કોર્ટમાં ચુકાદો આવતા ફરી



આજે અમે નિરાશ થયા છીએ. ૫ વર્ષ પહેલા આજના જ દિવસે માયા કોડનાનીને હાઈકોર્ટે (નરોડા પાટીયા કેસમા) નિર્દોષ જાહેર કર્યા હતા. આજે ફરી નિર્દોષ જાહેર કર્યા છે. ઘણી બધી વિગતો છે જે કેમેરા સામે ન કહી શકુ. જ્યારે નિર્દોષ જાહેર થતા જયદીપ પટેલે જણાવ્યું હતું કે, કોર્ટનો ચુકાદો શિરોમાન્ય છે અને સત્યનો વિજય થયો છે.

નિર્દોષ જાહેર થનાર પ્રવીણ મોદીએ જણાવ્યું હતું કે, ચુકાદો આવ્યો તેની ખુશી છે, પરંતુ ૨૧ વર્ષમાં જે સહન કરવું પડ્યું તેનું દુઃખ છે. જે કંપનીમાં નોકરી કરતા હતા ત્યાંથી મને કાઢી મૂક્યો હતો. પરિવારના સભ્યોએ પણ મુશ્કેલી સહન કરવી પડી છે. લોકોના ઘરના કામ કરવા પડ્યા, દીકરાકોર્ટ બહાર પોલીસનો જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જો કે મીડિયાને કોર્ટની અંદર પ્રવેશવા દીધું નથી. કોર્ટમાં બહારના એક પણ વ્યક્તિને અંદર પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. સેશન્સ કોર્ટ ફુલ થઈ ગઈ હતી. બીજી તરફ નરોડા ગામમાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ બાદ ફાટી નીકળેલા કોમી રમખાણોમાં નરોડા ગામ હત્યાકાંડનો પણ સમાવેશ થાય છે. જેમાં ૧૧ લોકોના મોત થયા હતા. સમગ્ર મામલે કોર્ટમાં આજે હિયરિંગ ચાલી રહ્યું હતું ત્યારે કોર્ટે આજે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. સવારે ૧૧ વાગ્યાથી તમામ આરોપીઓ કોર્ટ સંકુલમાં પહોંચ્યા હતા અને ચુકાદા સુધી કોર્ટ સંકુલમાં જ હાજર રહ્યા હતા. ત્યારે તેમણે તમામ આરોપીઓ આ કેસમાં નિર્દોષ છે તેવું જણાવતા હવે તમામ અટકળોનો અંત આવી ગયો છે

આજે તમામને નિર્દોષ છોડાયા બાદ તમામ આરોપીઓના સ્વજનો કોર્ટ કેમ્પસની બહાર પાર્કિંગમાં બેઠા હતા અને તેમની સાથે આવેલી મહિલાઓ સતત મંત્રજાપ કરતી હતી કે તેમના સ્વજનોને છોડી દેવામાં આવે. આ બધાની વચ્ચે જેવો જ કોર્ટનો ચુકાદો આવી ગયો અને તમામ લોકોના આંખમાં હર્ષના આંસુ આવી ગયા હતા. ત્યારે કેટલાક લોકો 'જય શ્રીરામ' અને 'ભારત માતા કી જય'ના નારા કરતા કરતા બહાર નીકળ્યા હતા.તમને જણાવી દઈએ કે, આજે સવારથી કોર્ટ બહાર પોલીસનો જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કોર્ટમાં બહારના એક પણ વ્યક્તિને અંદર પ્રવેશ આપવામાં આવ્યો નથી. સેશન્સ કોર્ટ ફુલ થઈ ગઈ હતી. બીજી તરફ નરોડા ગામમાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ગોધરાકાંડ બાદ અમદાવાદના નરોડા ગામમાં ફાટી નીકળેલી હિંસામાં ૧૧ લોકોને જીવતા સળગાવી દેવાયા હતા. જેમાં પોલીસે તબક્કાવાર ૮૬ લોકોને પકડ્યા હતા. જજ સુભદા બક્ષીએ આ કેસમાં ૮૬ આરોપીઓ સામે ચુકાદો સંભળાવ્યો છે. ૨૧ વર્ષ બાદ આખરે ન્યાય મળ્યો છે. ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતના ગોધરા ખાતે સાબરમતી એક્સપ્રેસમાં અયોધ્યાથી પરત ફરી રહેલા કારસેવકોના ડબ્બામાં પેટ્રોલ નાખીને તેમને જીવતા સળગાવી નાખવામાં આવ્યા હતા. તેના પ્રત્યાઘાતરૂપે ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ દરમિયાન અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાતમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં હતાં. આ તોફાનોમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ નરોડા ગામમાં ૧૧ લોકોને ઘરમાં અને બહાર જીવતા સળગાવી નાખવામાં આવ્યા હોવાનો આરોપ હતો.આ મુદ્દે નરોડા પોલીસ સ્ટેશનમાં ૯૮/૨૦૦૨ નંબરની ફરિયાદ એફઆરઆઈ નોંધાઈ હતી, જેમાં પોલીસે ૨૮ જેટલા આરોપીઓને પકડીને તેમના પર ગુના દાખલ થયા પાછળથી આ તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. એમાં અન્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તબક્કાવાર અન્ય ૫૦ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આમ, કુલ ૭૦થી વધુ આરોપીઓની આ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

## જમ્મુ-કાશ્મીરના પુંછમાં સેનાની ટ્રકમાં લાગી આગ : ૫ જવાનોનાં મોત થયાં હોવાની આશંકા

શ્રીનગર,

જમ્મુ-કાશ્મીરના પુંછમાં તોતા ગલી વિસ્તારમાં ભટ્ટા દુરિયન જંગલ પાસે આર્મીની ટ્રકમાં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં કેટલાક જવાનોના શહીદ થવાની આશંકા છે. કેટલાક અહેવાલોમાં કહેવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટનામાં ૩થી ૫ સૈનિકો માર્યા ગયા છે, પરંતુ કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ટ્રકમાં વીજળી પડવાને કારણે ટ્રકમાં આગ લાગી છે. જે વિસ્તારમાં અકસ્માત થયો તે પુંછથી ૯૦ કિલોમીટર દૂર છે. આર્મીની ટ્રકમાં આગ લાગવાની માહિતી મળતાં જ સ્થાનિકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

આ વર્ષે ૧૧ જાન્યુઆરીએ જમ્મુ-કાશ્મીરના કુપવાડાના માછિલ સેક્ટરમાં સેનાના એક અધિકારી અને બે જવાનો શહીદ થયા હતા. ત્રણેય ભારતીય સેનાના ચિનાર કોર્પ્સના સૈનિક હતા. એક JCO (જુનિયર કમિશન્ડ ઓફિસર) અને ૨ અન્ય રેંકની આ ટીમ નિયમિત કામગીરી માટે રવાના થઈ ગઈ હતી. બરફના કારણે તેમની ગાડી લપસીને ઊંડી ખાડીમાં પડી હતી.

ગત વર્ષે ડિસેમ્બરમાં સિક્કિમના જેમા ખાતે સેનાની એક ટ્રક ખાડીમાં પડી હતી, જેમાં ૧૬ જવાનોનાં મોત થયાં હતાં. સેના પાસે વધુ બે વાન હતી. ત્રણેય વાહનો ચટનથી થંગૂ જવા નીકળ્યાં હતાં. રસ્તામાં એક વળાંક પર ટ્રક લપસીને ખાડામાં પડી હતી. આ અકસ્માતમાં ૪ જવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમને એરલિફ્ટ કરવામાં આવ્યા હતા.

ગત વર્ષે નવેમ્બરમાં પણ કુપવાડાના માછિલ વિસ્તારમાં ત્રણ જવાન હિમસ્ખલનની ઝપેટમાં આવ્યા હતા. ૨ જવાનોને બરફ નીચેથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે આ ઘટના બની ત્યારે ૫૬ રાષ્ટ્રીય રાઈફલ્સના પાંચ જવાન નિયમિત પેટ્રોલિંગ પર હતા. દુર્ઘટનાની માહિતી મળતાની સાથે જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ જવાનોને બહાર કાઢવામાં આવ્યા ત્યાં સુધીમાં ૩નાં મોત થઈ ચૂક્યાં હતાં.

### મોદી આવતા મહીને ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જશે

## સિડનીમાં જાહેર સભા થશે, ક્વાડ મિટિંગમાં ભાગ લેશે : અન્ય દેશોના વડાઓ પણ આવશે

નવીદિલ્હી,

ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ ૮ થી ૧૧ માર્ચ દરમિયાન ભારતના પ્રવાસે હતા. ઑસ્ટ્રેલિયામાં લેબર પાર્ટીની સરકાર બન્યા બાદ વડાપ્રધાન એન્થોની પ્રથમ વખત ભારતની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે આ પ્રવાસ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવામાં મદદ કરશે.

તે જ સમયે, પીએમ મોદીએ ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાનની આ મુલાકાત વિશે કહ્યું હતું કે અમે પરસ્પર સહયોગના ઘણા પાસાઓ પર વિગતવાર ચર્ચા કરી. આ સાથે, છેલ્લા કેટલાક વર્ષોમાં સંરક્ષણ ક્ષેત્રે કરાર કરવામાં આવ્યા છે, જેમાં બંને દેશોની સેનાઓ માટે લોજિસ્ટિક



સપોર્ટનો પણ સમાવેશ થાય છે. પીએમએ કહ્યું કે ભારત-ઑસ્ટ્રેલિયા સ્વચ્છ હાઈડ્રોજન અને સોલાર ક્ષેત્રે પણ સાથે મળીને કામ કરી રહ્યા છે.

આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ઑસ્ટ્રેલિયા બંને ક્વોડના સભ્ય છે. મને ક્વોડ લીડર્સ સમિટ માટે ઑસ્ટ્રેલિયામાં આમંત્રણ આપવામાં આવ્યું છે, જેના માટે હું ઑસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનિસનો આભાર માનું છું. પીએમએ કહ્યું, મેં એન્થોનીને સપ્ટેમ્બર મહિનામા જી૨૦ સમિટ માટે ભારત આવવા આમંત્રણ આપ્યું છે.

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ ૮ માર્ચ) થી ૧૧ માર્ચ સુધી ભારતના પ્રવાસે આવ્યા હતા. ઓસ્ટ્રેલિયામાં લેબર પાર્ટીની સરકાર બન્યા બાદ પીએમ એન્થોની પહેલીવાર ભારત આવ્યા હતા. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે તેમની મુલાકાતથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત થશે. આ દરમિયાન ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોનીએ ભારત-ઓસ્ટ્રેલિયાને પાર્ટનર ગણાવ્યા. તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીએ મારું ખૂબ સારું સ્વાગત કર્યું. ઓસ્ટ્રેલિયા અને ભારત સારા મિત્રો છે અને અમે ભાગીદાર પણ છીએ અને અમે દરરોજ અમારા સંબંધોને મજબૂત બનાવી રહ્યા છીએ.

## ક્લાઈમેટ ચેન્જના કારણે ભારતમાં 'હીટવેવ' વધુ ને વધુ ખતરનાક બની રહી છે

નવીદિલ્હી,

આબોહવા પરિવર્તનથી વિશ્વમાં દરેક જગ્યાએ લોકોને અસર થઈ છે અને મોટાભાગના સ્થળોએ આ સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. જળવાયુ પરિવર્તનની અસરોથી ભારત પણ બાકાત નથી. ક્લાઈમેટ ચેન્જના કારણે ભારતમાં 'હીટવેવ' વધુ ને વધુ ખતરનાક બની રહી છે. એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આબોહવા પરિવર્તનને કારણે ભારતની ગરમીની સ્થિતિ વધુને વધુ ગંભીર બની રહી છે, જેમાં દેશની ૯૦ ટકાથી વધુ વસ્તી 'અત્યંત સાવધ' અથવા 'ડેન્જર ઝોન'માં છે.

કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં રમિત દેબનાથ અને તેમના સાથીદારો દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં જણાવાયું છે કે રાજધાની દિલ્હી હીટવેવની અસરો માટે સંવેદનશીલ છે અને તે 'ડેન્જર ઝોન'માં છે. સુત્રોના જણાવ્યા અનુસાર, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના પૂર્વ સચિવ એમ રાજીવન, વૈજ્ઞાનિકો કમલજીત રે, આરકે ગિરી, એસએસ રે અને એપી ડિમરી દ્વારા તૈયાર કરાયેલા સંશોધન અનુસાર, ભારતમાં છેલ્લા ૫૦ વર્ષમાં હીટવેવના કારણે ૧૭,૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે.

જો કે આ પેપર ૨૦૨૧ માં પ્રકાશિત થયું હતું, તેમાં કહેવામાં આવ્યું હતું કે ૧૯૭૧ થી ૨૦૧૯ સુધીમાં, દેશમાં હીટ વેવની ૭૦૬ ઘટનાઓ બની હતી. ગયા રવિવારે મહારાષ્ટ્રના નવી મુંબઈમાં એક એવોર્ડ ફંક્શન દરમિયાન હીટ સ્ટ્રોકથી ૧૩ લોકોના મોત થયા હતા. લુના કારણે મૃત્યુનો આ તાજો કિસ્સો છે. ભારતની આબોહવાની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે, કેમ્બ્રિજ યુનિવર્સિટીના સંશોધકોએ આબોહવા નબળાઈ સૂચકાંકની સાથે દેશના ગરમી સૂચકાંકનો અભ્યાસ કર્યો.

હીટ ઈન્ડેક્સ માપે છે કે તાપમાન અને ભેજના સંદર્ભમાં માનવ શરીર કેટલું ગરમ છે. જ્યારે આબોહવા નબળાઈ સૂચકાંક એ એક સંયુક્ત સૂચક છે જે હીટવેવ્સની અસરનું મૂલ્યાંકન કરવા માટે આજીવિકા અને જૈવ-ભૌતિક પરિબળો ઉપરાંત સામાજિક-અર્થશાસ્ત્ર જેવા પરિબળોનો ઉપયોગ કરે છે.

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દેશનો ૯૦ ટકા હિસ્સો હિટ વેવની 'અત્યંત ચેતવણી રૂપ' અથવા 'ખતરનાક' શ્રેણીમાં છે. અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે જો ભારત ગરમીના મોજાની અસરને તાત્કાલિક ઘટાડવામાં નિષ્ફળ જશે, તો તેની ટકાઉ વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવાની દિશામાં અસર થઈ શકે છે.

## મુંબઈમાં ગૌતમ અદાણી અને શરદ પવાર વચ્ચે ૨ કલાક મુલાકાત

મુંબઈ,

એક તરફ મહારાષ્ટ્રની રાજનીતિમાં મોટી ઉથલપાથલના એંધાણ વર્તાઈ રહ્યા છે ત્યારે હવે બીજી તરફ ગૌતમ અદાણી અને શરદ પવાર વચ્ચે બંધ બારણે ૨ કલાકની બેઠક યોજાઈ છે. હવે આ બેઠકે ઘણી ચર્ચાઓને હવા આપી છે. મુલાકાત માટે ગૌતમ અદાણી મુંબઈમાં શરદ પવારના ઘરે પહોંચ્યા હતા. સુત્રો અનુસાર, અહીં બન્ને વચ્ચે બંધ બારણે બે કલાક કલાક બેઠક થઈ હતી.

આ બેઠકને સૂચક માનવામાં આવી રહી છે. હાલમાં શરદ પવારે કહ્યું હતું કે જેપીસી બનાવવાથી કોઈ ફાયદો નહીં થાય, કેમ કે તેમાં બહુમતિમાં સરકારના માણસો હશે.

આ બેઠકમાં બંને વચ્ચે કયા મુદ્દે વાતચીત થઈ તે બહાર આવ્યું નથી. બંનેની મુલાકાતને લઈને અટકળો લગાવવામાં આવી રહી છે. કેટલાક તેને રાજકીય મધ્યસ્થી કહી રહ્યા છે તો કેટલાક તેને અંગત વાતચીત ગણાવી રહ્યા છે. સત્તાવાર નિવેદન બહાર આવ્યા બાદ જ ખબર પડશે કે આ બેઠકનો હેતુ શું હતો?

અહીં તમને જણાવી દઈએ કે, હિંડનબર્ગ રિપોર્ટ બાદ શરદ પવારે ગૌતમ અદાણી વિરુદ્ધ જેપીસી તપાસ મુદ્દે કરેલી ટિપ્પણીએ મોટી ચર્ચા છેડી હતી. શરદ પવારે આ મામલે ત્નૅઞ તપાસની યોગ્યતા પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે આમાં મોટાભાગના લોકો સરકારના રહેશે, તેથી તપાસ કરાવવાનો કોઈ ફાયદો નથી

શરદ પવારે સુપ્રીમ કોર્ટની કમિટી દ્વારા તપાસ કરાવવાની માંગણી કરી હતી. જો કે, સોનિયા ગાંધીને મળ્યા બાદ તેમણે કહ્યું હતું કે જો વિપક્ષ મક્કમ છે તો તેમને કોઈ વાંધો નથી. અદાણી મુદ્દે ૨૪ જાન્યુઆરીએ હિંડનબર્ગ રિસર્ચે રિપોર્ટ જારી કર્યો હતો. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અદાણી ગ્રુપની શેરબજારમાં લિસ્ટેડ મહત્વની કંપનીઓ પર મોટુ દેવું છે. અદાણી જૂથ તેની સ્કીમોને પ્રોત્સાહન આપીને શેરબજારને નિયંત્રિત કરી રહ્યું હતું, જે છેતરપિંડી છે. આ રિપોર્ટમાં અદાણી ગ્રૂપની કંપનીઓનું મૂલ્ય ૮૫ ટકાથી વધુ હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું અને કહેવામાં આવ્યું હતું કે આના ગ્રૂપ પર સંકટ છે.

## ડ્રગ્સનો વેપાર કરતાં પેડલરોને ઉગતાં જ ડામી દોઃ અમિત શાહ

નવીદિલ્હી,

ભારતમાં ડ્રગ્સનું વેચાણ દિવસેને દિવસે વધી રહ્યું હોવાથી પોલીસ તેને ડામવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. બીજી બાજુ ડ્રગ્સની ઘૂસણખોરી કોઈપણ ભોગે ન થઈ જાય તે માટે સુરક્ષા એજન્સીઓ પણ સાબદી હોવા છતાં યેનકેન પ્રકારે ડ્રગ્સ તેના મુળ સ્થાને પહોંચી જતું હોવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. જો કે હવે એક ગ્રામ ડ્રગ્સ પણ કોઈ શહેર કે ગામડા સુધી ન પહોંચે તે માટે તેનો વેપાર કરતા પેડલરોને ઉગતાં જ ડામી દેવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સુરક્ષા એજન્સીઓને આદેશ આપ્યો છે. અમિત શાહે ડ્રગ્સની હેરફેર કરનારા લોકો અને કાર્ટેલ્સ સામે કડક હાથે કામ લેવા માટે કહ્યું છે. તેમણે એન્ટી નાર્કોટિક્સ એજન્સીઓને કહ્યું હતું કે આ લોકો જ મુખ્ય ગુનેગાર છે અને ડ્રગ્સનો નશો કરતા લોકો તેમનો ભોગ બને છે. અમિત શાહે યુવાઓ તેમજ દેશના અર્થતંત્ર અને સુરક્ષા પર ડ્રગ્સની પ્રતિકૂળ અસરોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે તમામ રાજ્યોને રાજકીય મતભેદોને બાકુએ મુકી સંકલિત પ્રયાસો અને ટીમ ઈન્ડિયાના અભિગમ સાથે ડ્રગ્સના દૂષણની લડતમાં જોડાવાની હાકલ કરી હતી. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિવિધ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના વડાઓની પહેલી કોન્ફરન્સમાં શાહે જણાવ્યું હતું કે ગૃહ મંત્રાલયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થાય ત્યારે ભારતને ૨૦૪૭ સુધીમાં ડ્રગમુક્ત કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. તેમણે કહ્યું હતું કે ડ્રગનો વેપાર કરતારા મુખ્ય ગુનેગાર છે અને ડ્રગ લેનાર તેમનો ભોગ બને છે. આપણે આપવા ડ્રગસની હેરફેર કરનારા લોકો સામે કડક હાથે કામ લેવું પડશે અને શક્ય એટલા આકરાં પગલાં ઉઠાવવા પહશે.

## મુંબઈમાં કોરોનાના ૨૨૪ અને મહારાષ્ટ્રમાં ૧૧૦૦ નવા કેસ

મુંબઈ,

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૧૦૦ કેસ નોંધાયા હતા. અને ચાર દરદીના મોત થયા હતા. જ્યારે મુંબઈનાં કોરોનાના ૨૩૪ કેસ નોંધાયા અને એક દરદીનું મોત થયું છે. મહારાષ્ટ્રના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં કોવિડ-૧૯નું પ્રબળ પ્રકાર ઓમીક્રોન એક્સ.બી.બી. ૧.૧૬ છે. આના કુલ ૬૮૧ કેસ છે. આ પ્રકારથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રકારના કેસોમાં પાંચનું મૃત્યુ નોંધાયા હતા.

જોકે રાજ્યમાં કોરોનાથી આજે મૃત્યુ પામેલા મુંબઈ, થાણે, પુણે, સત્તારામાં પ્રત્યેકમાં એક-એક દરદીનો સમાવેશ થાય છે. આથી રાજ્યમાં કોવિડ-૧૯નો મૃત્યુ દર ૧.૮૨ ટકા છે.

રાજ્યમાં આજે કોરોનાના ૧૧૧૨ દરદી સ્વસ્થ થતા તેઓને હોસ્પિટલથી ડિસ્ચાર્જ કરાયા હતા. આજ દિન કોરોનાથી રાજ્યમાં દરદી રિકવર થવાનું પ્રમાણ ૯૮.૧૨ ટકા છે. એમ આરોગ્ય વિભાગે જમાવ્યું હતું. રાજ્યમાં અત્યારે કોરોનાના ૬૧૦૨ સક્રીય દરદી છે. આમાંથી મોટા ભાગના દરદી ઘરે સારવાર લઈ રહ્યા છે.

મુંબઈ પછી રાજ્યમાં નાગપુરમાં કોરોનાના ૧૧૪, થાણેમાં ૯૬, પુમેમાં ૮૩ અને નવી મુંબઈમાં ૯૬ દરદીનો સમાવેશ છે. ત્યાં દરદીઓની સંખ્યા વધી રહી છે.

મુંબઈનાં આજે કોરોનાના નવા ૨૩૪ કેસ નોંધાયા હતા. અને એક દરદીનું મોત થયું હતું. શહેરમાં ૩૧૯ દરદી સ્વસ્થ થતાં તેઓને હોસ્પિટલથી ઘરે જવાની રજા અપાઈ હતી. અત્યારે શહેરમાં ૧૫૯૧ કોરોનાના એક્ટીવ કેસ છે, એમ પાલિકાના આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ધી લીમખેડા તા.ખ.વે.સંઘ

તરફથી અભીનંદન....

મુ. મોટીવસવાણી-રોડ ફળીયું, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બારીઆ પર્વસિંહ દોલતસિંહ

તરફથી અભીનંદન....

મુ. પતંગડી નિશાળ ફળીયું, તા. લીમખેડા, જી. દાહોદ

## વર્ષ ૨૦૨૩નું પહેલું સૂર્ય ગ્રહણ પૂરું, સૌથી પહેલા ઓસ્ટ્રેલિયામાં જોવા મળ્યું

નવીદિલ્હી,

વર્ષ ૨૦૨૩નું પહેલું સૂર્યગ્રહ સમાપ્ત થઈ ગયું છે. તે સૌથી પહેલા ઓસ્ટ્રેલિયામાં જોવા મળ્યું. એ સિવાય ફિલિપિન્સ, ઈન્ડોનેશિયા સહિત ઘણા દેશોમાં લોકોએ સૂર્યગ્રહણનો નજારો જોયો. તે એક કંકણાકૃતિ સૂર્યગ્રહણ હતું, જેને મિશ્રિત સૂર્યગ્રહણ પણ કહેવામાં આવે છે.

જ્યોતિષમાં ગ્રહણને અશુભ ઘટનાઓમાં ગણવામાં આવે છે. ગ્રહણ દરમિયાન અને તે અગાઉથી સૂતક કાળ લાગી જાય છે. સૂતક કાળમાં કોઈ પણ પ્રકારનું શુભ કાર્ય અને પૂજા પાઠ કરવાનું વર્જિત માનવામાં અવે છે.

આ કારણે આ દરમિયાન શુભ કાર્ય અને પૂજા પાઠ વર્જિત હોય છે, પરંતુ ભારતમાં સૂર્યગ્રહણનો પ્રભાવ ન હોવાને



કારણે તેનો સૂતક કાળ પણ લાગ્યો નહોતો. માન્યતા છે કે, સૂર્ય ગ્રહણના સૂર્યને કસ્ટ થાય છે. શાસ્ત્રોમાં ગ્રહણને સારું માનવામાં આવતું નથી.

સૂર્યગ્રહણ જોવા માટે તમે NASAની યુટ્યુબ ચેનલ પર જોઈ શકો છો. જેનું સ્ટ્રીમિંગ ભારતીય સમય મુજબ ૮:૦૦ વાગ્યાથી શરૂ થઈ ચૂક્યું છે. એ સિવાય Timeanddate.com પર જઈને સૂર્યગ્રહણ જોઈ શકો છો. ગ્રહણની લાઈવ સ્ટ્રીમિંગ વેબસાઈટ અને યુટ્યુબ ચેનલ બંને પર થશે. આ વેબસાઈટ ગ્રહણ જોવા માટે સૌથી વિશ્વસનીય ઓનલાઈન પ્લેટફોર્મ છે.

વર્ષનું પહેલું સૂર્યગ્રહણ પૂરું થઈ ચૂક્યું છે. તે ઘણા દેશોમાં નજરે પડ્યું. આ સૂર્યગ્રહણ ખૂબ જ ખાસ હતું કેમ કે તેના ૩ અલગ-અલગ રૂપ (આંશિક, પૂર્ણ અને કુંડળાકાર) નજરે પડી રહ્યો હતો. આંશિક, પૂર્ણ અને કુંડળાકાર સૂર્યગ્રહણનું મિશ્રણ હાઈબ્રીડ સૂર્યગ્રહણ કહેવાય છે.

વિશેષજ્ઞોનું કહેવું છે કે સૂર્યગ્રહણની એવી સ્થિતિ લગભગ ૧૦૦ વર્ષમાં એક વખત જોવા મળે છે. આંશિક સૂર્યગ્રહણમાં ચંદ્રમા સૂર્યના નાનકડા હિસ્સામાં આવીને તેનો પ્રકાશ બાધિત કરે છે. જ્યારે પૂર્ણ સૂર્યગ્રહણમાં સૂર્ય વધુ ચમકતો રોશનીની ગોળો બની જાય છે, જેને રિંગ ઓફ ફાયર પણ કહેવામાં આવે છે. એવી સ્થિતિમાં પૃથ્વીનો એક ભાગ પૂરી રીતે અંધારામાં ડૂબી જાય છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# ઐતિહાસિક લુણાવાડા નગર ૫૯૦ વર્ષનું થશે



લુણાવાડા,
ઈ.સ ૧૪૩૪ વૈશાખ સુદ ત્રીજ અક્ષય તૃતીયાનો દિવસ એટલે લુણાવાડા નગરના ગૌરવવંતા ઈતિહાસનું સોનેરી પાનુ સ્થાપના દિવસ. ઐતિહાસિક લાવણ્યપુરી નગરીના ૫૯૦માં સ્થાપના દિવસની પરંપરાગત ગરિમાસભર ઉજવણી કરવામાં આવશે ત્યારે નગરના ઈતિહાસના સ્મરણો નગરજનોમાં ગર્વની લાગણી અનુભવ કરાવે છે.

લુણાવાડા નગર ગીરીમાળાની તળેટીના કિલ્લામાં વસેલુ શહેર છે. ક્ષત્રિયમાં અગ્ર હરોળની ચૌલુક્ય વંશની વડીલ શાખાનું સોલંકી રાજપૂતોનું રાજ્ય છે. લુણાવાડાનો ઈતિહાસ લગભગ ૬૦૦ વર્ષથી વધુ પુરાણો છે. ઈ.સ. ૧૪૩૪ ના વૈશાખ સુદ ત્રીજના રોજ મહારાજા ભીમસિંહજીએ લુણાવાડામાં સમારંભ યોજી નગરનો પાયો નાખ્યો અને રાજગાદીની સ્થાપના કરી હતી. મહારાજા ભીમસિંહજીએ લુણાવાડા વસાવતા પહેલા દેવ પટ્ટણની સ્થાપના કરી હતી જે હાલ ડીયા પટ્ટણ તરીકે ઓળખાય છે. રાજા ભીમસિંહજીએ નાથ સંપ્રદાયના લુણનાથબાબા જેમણે મનોહરનાથજી અખાડો સ્થાપ્યો તેમની પ્રેરણા તેમજ નગર દેવતા લુણેશ્વરની કૃપાથી તેમના નામ પરથી લુણાવાડાની સ્થાપના કરી. મંદિરના ૫૦૭ વર્ષ પૂર્ણ થતા જીર્ણોદ્ધાર વિ.સં. ૧૯૮૧માં કરવામાં આવ્યો અને તે શુભદિને મંદિર પર ચાંદીનો કળશ ચઢાવવામાં આવ્યો. મહારાણી સ્વરૂપકુંવરબા જેઓ મહારાણા વખતસિંહજીના ધર્મપત્ની હતા. તેમના નામ પરથી ઈ.સ. ૧૮૯૯માં (છપ્પનીયા કાળ) વરધરી નજીક ૯૦૦એકરમાં પથરાયેલુ તળાવ જે આજે સ્વરૂપસાગર તરીકે ઓળખાય છે. ઈ.સ.૧૯૧૨માં દોલતકુંવરબા ડિસ્પેન્સરીની સ્થાપના કરવામાં આવી હતી અને સજજનકુંવરબાએ સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી. ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકાર સ્વ.નંદશંકર તુલજાશંકર મહેતાએ ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા કરણઘેલોની રચના લુણાવાડામાં કરેલી. કિસનસાગર તળાવ ઉપર આવેલ ભવ્ય શિવમંદિર નંદકેશ્વર મહાદેવ તેમની ભેટ છે. જ્યાં હાલમાં ગણેશ વિસર્જન થાય છે. તેઓ લુણાવાડા સ્ટેટમાં એડમીનીસ્ટ્રેટર તરીકે સુંદર સેવાઓ આપેલી. મહારાણા વિરભદ્રસિંહજીના મોટા ભાઈ યુવરાજ લાલસિંહજીના નામ પરથી શ્રી લાલસિંહજી સાર્વજનિક લાયબ્રેરીની સ્થાપના કરવામાં આવી. જે હાલમાં શહેરા દરવાજા પાસે આવેલી છે. જીલ્લાની દસ લાયબ્રેરીઓમાંની એક છે. ઈ.સ. ૧૯૪૪ની સાલમાં લુણાવાડા રાજ્યના મંદિરો હરિજનો માટે ખુલ્લા મૂકાયા જેને સર્વ લોકોએ આવકાર્યા. ખાસ કરીને મહાત્મા ગાંધીજીએ તેના વખાણ કર્યા. લુણાવાડા નગરના ઉત્તર-પશ્ચિમ ખૂણાના છેડે ગ્રામદેવી દેવળમાતાનું પુરાણુ મંદિર આવેલુ છે. નગરની પ્રજા સુખ, સમૃદ્ધ અને શાંતિમય જીવન જીવે એ માટે નવરાત્રિના નવે નવ દિવસ દેવીનું સ્મરણપૂજન થાય તેવી વ્યવસ્થા આજે પણ ચાલુ છે. દશેરાના દિવસે દેવળ માતાએ ગરબો વળાવવા જવાનો રિવાજ આજે પણ ચાલુ છે. દેવળમાતાએ નાગરોની કુળદેવી પણ મનાય છે. લુણાવાડામાં સોલંકી કુળના રાજવીઓએ ખૂબ જ સુંદર કાર્યો કર્યા.ઈ.સ.૧૮૬૮માં મ્યુનિસિપાલીટીની સ્થાપના કરવામાં આવી.

## ડાકોર ખાતે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત રેલ્વે એવરનેસ કેમ્પ યોજાયો



શહેરા,
આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ પારૂલ યુનિવર્સિટી NSS યુનિટ વડોદરા દ્વારા ૧૮ એપ્રિલ ૨૦૨૩ને મંગળવારના રોજ મહંત વિનોદચંદ્ર મહારાજ આશ્રમ, મંગલમ મંદિર નજીક, કોર્ટ રોડ ડાકોર ખાતે સ્વચ્છ ભારત અભિયાન અને હેલ્થ અવેરનેસ કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમ પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદ ડીન હેમંત તોષિખાનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. તેમાં સફળતા પૂર્વકનું નેતૃત્વ NSS કોર્ડિનેટર પા.યુ.ડો.હેમાંગ જોષી અને ડો. નિરવ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. મહંત વિનોદચંદ્ર મહારાજે ભાવિ ડોક્ટરોને જીવનમાં આગળ વધવા માટે સંબોધન કર્યું હતું. તેમજ પુરૂષાર્થ પરીક્ષા અને પ્રતિક્ષા આ ત્રણ ગુરૂચાવીને સ્મરણમાં રાખી આગળ વધવા માટે આહ્વાન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. મિહિર એચ.પટેલ અને ડો. હાર્દિક પી. પ્રજાપતિ દ્વારા સહજ રીતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો લાભ ડાકોરની સ્થાનિક જનતા તેમજ ભક્તજનોએ લીધો હતો.

## ધાનપુર તાલુકાના લખણા ગોજીયા ગામે રાત્રિના સમયે એક રહેણાંક મકાનમાં આકસ્મિક આગ લાગતા એક વૃદ્ધા તેમજ પશુ ધન આગમાં ભડથું ઘરવખરી બળીને ખાખ



દાહોદ,
ધાનપુર તાલુકાના લખણા ગોજીયા ગામે રાત્રિના સમયે એક મકાનમાં આકસ્મિક આગ લાગતા ઘરમાં સૂતેલું વૃદ્ધા સહિત પશુધન આગમાં ભડથું ઘરવખરી સામાન સહિત આખું ઘર બળીને ખાખ ફાયર ફાઈટર તેમજ પોલીસ ઘટના સ્થળે.

પ્રાપ્ત માહિતી મુજબ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના લખણા ગોજીયા ગામે ખેડા ફળિયામાં રહેતા મહેશભાઈ ઉર્ફે કડિયાભાઈ મોહનભાઈ નાયકા પોતાના પરિવાર તેમ જ ૮૦ વર્ષીય વૃદ્ધ માતા બુચીબેન સાથે રહે છે જે પથારી વસ હોઈ અને ઘરમાંજ હતા. તે વખતે રાત્રિના ૮.૩૦ વાગ્યાના અરસામાં આ મહેશભાઈ નાયકાના ઘરમાં અચાનક આગ લાગતા મહેશભાઈનો પરિવાર ઘરની બહાર નીકળે તે પહેલા જ આગે વિકરાલ સ્વરૂપ ધારણ કરી લેતા મહેશભાઈ તેમજ તેનો પરિવાર હેમખેમ ઘરની બહાર નીકળી ગયા હતા. ત્યારે તે બીજું કંઈ વિચારે તે પહેલા જોત જોતામાં આખા ઘરમાં આગ ફેલાઈ જવા પામી હતી. ત્યારે આ આગના બનાવને લઈ આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા. આગ ઓલવવાના પ્રયત્નો કર્યા હતા, પણ આગ એટલી ભયાનક હતી કે આખા મકાનમાં આગ ભભૂકી ઉઠતા આ બનાવને લઈ સ્થાનિક લોકો દ્વારા દેવગઢ બારિયા ફાયર ફાઈટર તેમજ પોલીસને જાણ કરતા પોલીસ તેમજ ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી ગયુ હતું. ફાયર ફાઈટર પહોંચ્યુ ત્યારે ઘરમાં સુતેલ ૮૦ વર્ષીય બુચીબેન નાયકા તેમજ ઘરમાં બાંધેલા ચાર બકરા જે આગમાં બળીને ભડથું થઈ ગયા હતા. તેમજ ઘરવખરી તેમજ અન્ય સરસામાન પણ બળીને ખાખ થઈ ગયો હતો. ત્યારે આ બનાવને લઈ મહેશભાઈ ઉર્ફેક કીડીયાભાઈ મોહનભાઈ નાયકાએ ધાનપુર પોલીસ મથકે બનાવ અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મરણજનાર બુચીબેનની લાશને પીએમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

## ઝાલોદ તાલુકામાં અન્નપૂર્ણા ફાઈનાન્સના નામે મહીલાઓ પાસે લોનના હપ્તાના ૧૩ લાખથી વધુની ઉચાપત કરનાર ફાઈનસ કંપનીનાં કર્મચારીઓ ઝડપાયા

- અન્નપૂર્ણા ફાઈનાન્સ પ્રા.લી લીમડી બ્રાંચમાં ડેવલપમેન્ટ ઓફીસર તરીકે ફરજ બજાવતા નિલેશ વણઝારા અને નરેન્દ્ર માછીને લીમડી પોલીસે ઝડપી પાડ્યા.
- બંને ભેજાબાજો મહીલાઓના નામે લોન કરાવી તેના હપ્તા પોતે બારોબાર ઉપાડી લઈ ફરાર.
- બન્ને આરોપીઓ જાન્યુઆરીથી ઓગસ્ટ-૨૦૨૨ મા ૪૮૨ ગ્રાહકો ના રૂપિયા ૧૩,૫૦,૮૭૫ /- લઈ થયા હતા ફરાર.
- લીંમડી પોલીસે બન્ને આરોપીઓ ને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી.

દાહોદ,
ત્યારે દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે જેમાં બિલાડીની ટોપ જેમ ખાનગી ફાઈનસ કંપનીઓ ખોલવામાં આવી રહી છે. જેમાં દાહોદ જિલ્લાના ગરીબ આદિવાસી પ્રજાને ભોળવી પટાવીને આ ખાનગી ફાઈનસ કંપનીઓ ઉંચા વ્યાજે લોન આપીને લોન પ્રોસેસિંગ ચાર્જ તેમજ પેલનડી ચાર્જ તેમ અનેક ચાર્જ લોન લેનાર ગ્રાહકો પાસે વસુલ કરવા માટે ખાનગી ફાઈનાન્સ કંપની લોન કરીને આપતી હોય છે. ત્યારે આ ગરીબ આદિવાસી પ્રજાને ભોળવી પટાવીને લોન આપીને ગરીબ આદિવાસી પ્રજા જોડે છેતરપિંડી કરતાં હોય છે. જેના ભુતકાળમાં પણ ઘણાં ખરાં બનાવો બન્યા છે.

ત્યારે ખાનગી ફાઈનસ કંપનીઓ દ્વારા ગરીબ આદિવાસી પ્રજાને લોન આપીને લોન લેનાર ગ્રાહકોના ઘરે જઈને હપ્તાનો દંડ તેમજ પેરેન્ટી ચાર્જ ઉઘરાવી આમ ગરીબ આદિવાસી લોકોનું શોષણ કરતા હોય છે. આ ખાનગી ફાઈનાન્સ કંપનીઓ દ્વારા ગરીબ આદિવાસી પ્રજાના ઘરે ઘરે જઈ જઈને લોન લેનાર ગ્રાહકો પાસેથી નાણાં ઉઘરાવીને પરત ફરતા હોય છે. ત્યારે તે રૂપિયા રસ્તામાં લૂંટાઈ જવાના બાના બતાવી ખોટી ખોટી ફરીયાદો નોંધાવતા હોય છે. ત્યારે પોલીસ તપાસ દરમ્યાન જે તે ફાઈનાન્સ કંપનીના કર્મચારીઓના જ નામ ખુલતા હોય છે. ત્યારે આવી ખાનગી ફાઈનાન્સ કંપનીઓ ઉપર પોલીસ તંત્ર અને ઉચ્ચઅધિકારીઓ દ્વારા આવી ખાનગી ફાઈનસ કંપનીઓ ઉપર લગામ ખેંચવામાં આવે તેમજ ઉંડાણ પૂર્વક તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા માટે લોક માંગ ઉઠવા પામી છે.

## ઘોઘંબાના ભોજપુરા ગામે દિપડાએ રાહદારીને ઈજાઓ પહોંચાડતા ફફડાટ

ગોધરા,
ઘોઘંબા તાલુકાના ભોજપુરા ગામે ધોળે દિવસે બાજરીના ખેતરમાં ઘુસી ગયેલા દિપડા એક રાહદારીને ઈજાઓ પહોંચાડતા દોડધામ મચી જવા પામી હતી. જોકે દિપડાને પાછળના બંને પગે તકલીફ હોવાથી ઘોઘંબા આરએફઓની ટીમે દોડી જઈ રેસ્કયુ કરી વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

ઘોઘંબા તાલુકાના ભોજપુરા ગામે બાજરીના ખેતરમાં વહેલી સવારે દિપડો આવી પહોંચ્યો હતો. બીજી તરફ અહિંથી પસાર થતાં ગામના પ્રવિણભાઈ પરમારને દિપડાએ હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. ઘોઘંબા આરએફઓ સરલાબેન કટારા ભોજપુરા ગામે દોડી ગયા હતા. અને દિપડાનુ રેસ્કયુ કરવાની કામગીરી શરૂ કરી હતી. દિપડાને પ્રથમ પાંજરામાં પુરવા માટે પાંજરૂ મુકયુ હતુ. પરંતુ જેમાં સફળતા મળી નહોતી. બીજી તરફ એકસપર્ટ ટીમ દ્વારા દિપડાની ચકાસણી કરવામાં આવતા દિપડો પાછળના બંને પગે ચાલી નહિ શકતો હોવાનુ પ્રાથમિક દ્રષ્ટિએ તારણ જાણવા મળ્યુ હતુ.

ઓનલાઈન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ
જાહેર નિવિદા-૦૨ સને : ૨૦૨૩-૨૪
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા ૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા આવા પ્રકારના કામના અનુભવી ઈજારદારો પાસે અપકીપીંગનાં ત્રણ કામો માટે ઓન લાઈન ટેન્ડરો, બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૯.૫૩ થી રૂા.૩૪.૧૮ લાખની વચ્ચેની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૪.૫.૨૦૨૩, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૪.૫.૨૦૨૩, ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે. જ્યારે કામોનું ઓન લાઈન ટેન્ડર ઉપર જણાવ્યા મુજબ ડોકયુમેન્ટ તા.૪.૫.૨૦૨૩ થી તા.૧૧.૫.૨૦૨૩ નાં રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી.

માહિતી/ગોધરા/૫૮/૨૦૨૩

# સમાધાન લાયક કેસોના નિકાલ માટે મહીસાગર ખાતે નેશનલ લોક અદાલતનું આયોજન

દાહોદ,
રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દિલ્હીનાં આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદનાઓનાં ઉપક્રમે મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના ફુલ ટાઈમ સેક્રેટરી દ્વારા જણાવ્યા મુજબતારીખ ૧૩-૦૫-૨૦૨૩ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકથી નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં સમાધાન લાયક કેસો જેવા કે ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ૧૩૮નાં કેસો, બેંક રીકવરીના કેસો, અકસ્માત વળતરના કેસો, મજૂર ડીસ્પ્યૂટના કેસો ,જમીન સંપાદનના કેસો , ફેરફાર-ભાગલા-વિભાજન-ભાડા બેંક વસુલાત-સુખાધિકારનાં હક્કો વિગેરેનાં દિવાની કેસો,વીજળી અને પાણીનાં બીલના કેસો, પ્રી-લીટીગેશન કેસો, રેવન્યુ કેસીસ,ભરણ પોષણનાં કેસો અને કૌટુંબીક ઝઘડાનાં કેસોનો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાન પૂર્વક નીકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં કેસો મુકવા ઈચ્છતાં પક્ષકારો, વકીલો, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર મું.લુણાવાડા તથા મહીસાગર જીલ્લાની જે તે તાલુકા કાનુની સેવાસમિતીનાં ચેરમેનઓનો સંપર્ક કરવાનો રહેશે.

## સંતરામપુર અલ્મા ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે કે.જી.સીનીયર અને ધો.૮ની ગ્રેજ્યુએશન સેરેમની ઉજવાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર ખાતેની અલ્મા ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષણગણ તેમજ સંસ્થાના મેનેજમેન્ટ સાથે ઉપસ્થિત રહીને કે.જી. સિનિયર તેમજ ધોરણ-ના વિદ્યાર્થીઓ માટે ગ્રેજ્યુએશન સેરેમની ઉજવવામાં આવી. સાથે આજના વિશેષ દિને સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના સ્કિલ ડેવલોપમેન્ટ તેમજ સર્વાંગી વિકાસ થાય તે ઉદ્દેશથી લર્નિંગ પાથ એજ્યુકેશન પ્રા. લિ સાથે મળીને વિવિધ વિષયો માટે ઓલમ્પિયાડની પરીક્ષાનું આયોજન કરેલ હતું. જેમાં સારા પરફોર્મન્સ કરનાર વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ, મેડલ તેમજ ગીફ્ટ દ્વારા પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવ્યું. આજના દિને વિશેષ ઉપસ્થિતિમાં લર્નિંગ પાથ એજ્યુકેશન પ્રા.લિના ડિરેક્ટર મનીષ તિવારીજી ખાસ હૈદરાબાદ થી ઉપસ્થિત રહીને કાર્યક્રમમાં અભિવૃદ્ધિ કરેલ હતી. આ ઉપરાંત સંસ્થાના મેનેજમેન્ટ દ્વારા આવનાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ ની સંસ્થાની રૂપરેખા વાલીઓ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## શહેરાના મીરાપુર પાટીયા પાસેથી વન વિભાગે પંચરાઉ લાકડાં ભરેલ ટેમ્પો ઝડપ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર મીરાપુર પાટીયા પાસેથી વન વિભાગ એ બે નંબરી પંચરાઉ લાકડા ભરેલ ટેમ્પો ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પંચમહાલના શહેરા તાલુકાના ઉમરપુર ગામેથી પંચરાઉ લાકડા ભરેલ ટેમ્પો ગોધરા તરફ જઈ રહ્યો હતો. ત્યારે તાલુકા વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલને માહિતી મળતા તેઓ દ્વારા આ વિસ્તારના રાઉન્ડ ફોરેસ્ટરને જાણ કરી હતી. મંગલીયાણા રાઉન્ડ ફોરેસ્ટર જે.વી. પૂવાર અને ખાંડિયા રાઉન્ડ ફોરેસ્ટર જી.ટી.પરમાર સહિતનો સ્ટાફ હાઈવે માર્ગ ઉપર મીરાપુર પાટિયા પાસે વોચમાં ઉભા હતા. તે દરમિયાન લાકડા ભરેલ ટેમ્પો આવતા તેને ઊભો રખાવીને ચાલક પાસે પાસ પરમિટ માંગતા મળી આવ્યા ના હતા. જેથી ફોરેસ્ટ વિભાગના રાઉન્ડ ફોરેસ્ટર દ્વારા પંચરાઉ લાકડા ભરેલ ટેમ્પાને વન વિભાગની કચેરી ખાતે લાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી વન વિભાગ દ્વારા ટેમ્પો અને લાકડાનો જથ્થો મળીને અંદાજિત રૂપિયા અઢી લાખનો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

## કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોરનો મિશન ૨૦૨૪ અંતર્ગત ઝાલોદ તાલુકાનો પ્રવાસન કાર્યક્રમ યોજાયો

દાહોદ,
આગામી લોકસભા ૨૦૨૪ મા ભારતીય જનતા પાર્ટી જવલંત વિજય હાશીલ કરે તે માટે કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોર દાહોદ જિલ્લાના વિસ્તારનો પ્રકાશ કરી સંગઠન મજબૂત કરવા અંગે સહુ વિધાનસભાના સંગઠનના કાર્યકરો સાથે મળી સંવાદ કરી રહ્યા છે.

તારીખ ૨૦-૦૪-૨૦૨૩ ના રોજ કેન્દ્રીય મંત્રી ઝાલોદ તાલુકામાં તબક્કાવાર રીતે વિવિધ જગ્યાએ પ્રવાસ કરી કાર્યકર્તાઓ સાથે વાત કરી મોદી સરકારના કરેલા કામો થી સહુને માહિતગાર કરી ૨૦૨૪માં ભાજપ લોકસભા જંગી બહુમતી થી જીતે તે માટે કાર્યકરો સાથે વાતચીત કરી રહ્યા છે.

સહુ પ્રથા ઝાલોદ તાલુકાની મુલાકાતે આવતા કેબિનેટ મંત્રીને કંબોઈધામ ખાતે ગુરૂ ગોવિંદના સમાધી સ્થળના દર્શન કરી પ્રવાશની શરૂઆત કરી હતી. ત્યારબાદ વ્યશન મુકિત કાર્યક્રમ અંતર્ગત લીમડી એચીવર સ્કૂલનો પ્રકાશ કર્યો હતો ત્યારબાદ રૂપાખેડા ખાતે મંડળ પદાધિકારીઓ, મહિલા મોરચા, સરપંચો, જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ સાથે મીટીંગ કરવામાં આવી હતી.

બપોરે ૩ વાગે ઝાલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના હોલમાં નગરપાલિકા કાઉન્સિલરો, વ્યાપારી સંગઠન, સહકારી કાર્યકર્તાઓ તેમજ ભાજપના પદાધિકારીઓ સાથે પરિસંવાદ કર્યો હતો. પરિસંવાદમાં નરેન્દ્ર મોદી દ્વારા દેશ વિદેશમાં ભારતનો ડંકો કેવી રીતે વગાડ્યો તેમજ નરેન્દ્ર મોદીની સહુનો સાથ સહુનો વિકાશ હેઠળ જનહિતના કાર્યો કર્યાં તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. દેશની વિકાસ ગાથા જાળવી રાખવા તેમજ નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવા દરેક સંગઠનના હોદ્દેદારો મજબૂતી થી કાર્ય કરે તેના પર ભાર મૂકવામાં આવ્યું હતું.

## ઝાલોદ પોલીસ સ્ટેશનમાં પરશુરામ જન્મોત્સવ અને રમઝાન ઈદ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
તા.૨૦/૦૪/૨૦૨૩ના રોજ કલાક ૧૬/૧૦ થી ૧૬/૫૦ સુધી ઝાલોદ પો.સ્ટે ખાતે સિ.પો.સબ.ઈન્સ જી.બી રાઠવા તથા સેકન્ડ પો.સબ ઈન્સ જે.કે રાઠોડના અદયક્ષતામાં આગામી તા ૨૨/૦૪/૨૦૨૩ના રોજ રમજાન ઈદ તથા પરશુરામ જયંતિ તહેવારોની ઉજવણી થનાર હોય જે સંદર્ભે ઝાલોદ પોલીસ સ્ટેશન ટાઉન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ના બને શૂલેહ શાંતીનો ભંગ ના થાય અને તહેવારોની ઉજવણી શાંતીમય રીતે થાય તે અનુલક્ષીને મુસ્લિમ સમાજના આગેવાન તથા હિન્દુ સમાજના આગેવાનો ઉપરોક્ત તહેવારો ઉજવણી અંગે સૂચનાઓ તેમજ માર્ગદર્શન આપવામાં આવેલ હતી. ઉપસ્થિત સહુ લોકોને ઝાલોદ પોલિસ દ્વારા પરશુરામ જન્મોત્સવ અને રમઝાન ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી.

## આપની આજ.......

મેષ : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો છેલ્લા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે. ભત્રીજાનો સહયોગ મળે તેવી સંભાવના રહેશે. તમારી વાણીને નિયંત્રિત કરો.

વૃષભ : આજે વૃષભ રાશિના જાતકો નિર્ભયતાથી કાર્યો પાર પાડી શકશે. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે. સાંજથી રાત સુધીમાં મુસાફરીની શક્યતા બની રહી છે.

મિથુન : આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા ભારે પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. ગુરુ એ નિયમનો પ્રતિનિધિ છે, તેથી નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો. શુભ ખર્ચા વધશે.

કર્ક : જો તમે વિદ્યાર્થી છો, તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે, સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે.

સિંહ : આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. તમારી વર્તણૂક સાથે આ ધ્યાનમાં રાખો અને ભોજનમાં ધ્યાન રાખો. જો તમારા પૈસા ક્યાંક અટકેલા છે તો તમે આજે મેળવી શકો છો. બુદ્ધિથી લીધેલા નિર્ણયો ફાયદાકારક રહેશે.

કન્યા : આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. સ્થાયી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. તમારા પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના હશે. સાંજના સમયે તમારી માતાના શારીરિક દર્દને લીધે તમને થોડી તકલીફ થશે.

તુલા : આજે તમારે નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક વસ્તુઓ પર ખર્ચા વધુ થશે. શત્રુઓ તેમના કાવતરામાં સફળ થઈ શકશે નહીં.

વૃશ્ચિક : આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે. કરિયરમાં તમને મિત્રોનો સહયોગ પણ મળશે. સાસરિયાઓથી લાભનો યોગ છે.

ધન : આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે. જૂના રોકાયેલા કાર્યો થોડો ખર્ચ કરીને પૂરા કરી શકાય છે. નવી યોજનાઓ પર કામ આજથી શરૂ થશે.

મકર : આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે. નોકરીમાં ગુપ્ત દુશ્મનો હેરાન કરશે જે સાંજે મુશ્કેલીનું કારણ બની શકે છે.

કુંભ : આજે આવકથી વધુ ખર્ચા થશે. બાળકો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્ય દ્વારા તમારું માન વધારશે. તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો. સાંજથી રાત સુધી પ્રિયજનોને મળતા મન પ્રસન્ન રહેશે.

મીન : આજે તમને પૂર્વજો તરફથી પૈસા મળવાની સંભાવના છે. આજે મંત્ર-તંત્રમાં તમારી રુચિ વધી શકે છે. પૂછ્યા વિના કોઈને સલાહ ના આપો, તેની વિપરિત અસર પડશે. રાત્રે તમે શુભ કામ કરવામાં વ્યસ્ત રહેશો, જે તમારું મન શાંત અને પ્રસન્ન રાખે છે.

# દાહોદમાં સ્માર્ટ સિટી અંતર્ગત સ્માર્ટરોડનું નિર્માણ કાર્યનું પ્રારંભ

**- દાહોદ નગરપાલિકા તેમજ સીટી સર્વે દ્વારા ડિટેલમાં માપણી કરી દુકાનદારોના નામ સરનામા સાથેની યાદી તૈયાર કરવા કવાયત હાથ ધરાઈ....**

**- નામ સરનામા સાથેની યાદી તેમજ માપણી બાદ કયા વિસ્તારમાં કેટલું અવરોધ રૂપ દબાણ છે...? તે અંગે સ્પષ્ટતા થવાના અણસાર.**

દાહોદ,

દાહોદમાં સ્માર્ટસીટી અંતર્ગત ૧૦ જેટલાં સ્માર્ટરોડના અપગ્રેડેશનની કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. ત્યારે સ્માર્ટરોડમાં અવરોધરૂપ દબાણો દૂર કરવામાં માટે સ્માર્ટસીટીની સમીક્ષા બેઠકમાં પહેલેથી જ નિર્દેશો કરી દેવામાં આવ્યા છે. જે અંતર્ગત આજરોજ દાહોદ નગરપાલિકાના અધિકારીઓ તેમજ સીટી સર્વેના કચેરીના અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા શહેરના સ્ટેશન રોડ પર આવેલા શોપિંગ સેન્ટરમાં દુકાનદારોના નામ,સરનામા તેમજ દુકાનદાર કે પેટા ભાડુઆત છે. તે અંગેની માહિતી એકત્ર કરી મેજરમેન્ટ દ્વારા માપણી કરવામાં આવી હતી. જોકે હાલ તો પાલિકા દ્વારા દુકાનદારોના નામ સરનામા સાથેની યાદી તેમજ ડિટેલમાં માપણી કરવામાં આવી રહી છે. ત્યારે સ્માર્ટ રોડમાં કયા વિસ્તારમાં કેટલા અવરોધ રૂપ દબાણો તૂટે તે આવનાર સમયમાં સ્પષ્ટ થાય તેમ છે.

દાહોદને સ્માર્ટ સિટીમાં સામેલ કર્યા બાદ સ્માર્ટ સિટી અંતર્ગત કરોડો રૂપિયાના અનેકવિધ પ્રોજેક્ટો પૂર્ણ થઈ જવા પામ્યા છે, તો છાપ તળાવ બ્યુટીફિકેશન સહિતના કામો પૂર્ણતાના આરે છે. જોકે સ્માર્ટ સિટી પ્રોજેક્ટની અવધિ જૂન ૨૦૨૩ પૂર્ણ થવા જઈ રહી છે. ત્યારે દાહોદમાં સ્માર્ટ સિટી અંતર્ગત દુધીમતી નદી બેટીફીકેશન, સ્માર્ટ નગર પાલિકા બિલ્ડીંગ, માર્ટ રોડ સહિતની કામગીરી હજી પણ અધુરી પડી છે. ત્યારે હાલ ૫૪.૭ કરોડના ખર્ચે દાહોદ શહેરના જુદા-જુદા ૧૦ મુખ્ય માર્ગો સ્માર્ટ સિટી અંતર્ગત સ્માર્ટ રોડ અપગ્રેડેશનનું કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું. તાજેતરમાં આ ૧૦ જેટલાં સ્માર્ટ રસ્તાઓમાં અવરોધ રૂપ દબાણો દૂર કરવા અંગે સ્માર્ટ સિટીની સમીક્ષા બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો અને સ્માર્ટ સિટીના ચેરમેન દ્વારા પાલિકાના ચીફ ઓફિસરને લેખિતમાં પત્ર પાઠવી સ્માર્ટ રોડમાં અવરોધ રૂપ દબાણો દૂર કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ત્યારબાદ સ્માર્ટ સિટી પ્રોજેક્ટના અધિકારીઓ સીટી સર્વે કચેરીના અધિકારીઓ દ્વારા સ્ટેશન રોડ સહિતના વિસ્તારોમાં માર્કિંગ પણ કરવામાં આવ્યા હતા. સ્ટેશન રોડના આ સ્માર્ટ રોડમાં અપગ્રેડેશનમાં અંદાજે ૪૦ મીટરની પહોળાઈ ધરાવતો હોવાનું કહેવાયું છે. ત્યારે ઘણા બધા અવરોધ રૂપ દબાણો હોવાથી વેપારીઓના એક તરફ જીવ પડી કે બંધાઈ ગયા છે, બીજી તરફ ભયનો સંચાર પણ થયો છે. શહેરમાં કોની કેટલી દુકાન જશે. કેટલું દબાણ તૂટશે ? તે અંગે તરેહ તરેહની ચર્ચાઓ જોર શોરથી ઉઠવા પામી છે. ત્યારે આજરોજ દાહોદ નગરપાલિકાના કર્મચારીઓ તેમજ સીટી સર્વેના અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા દાહોદ શહેરના સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલા સ્વામી વિવેકાનંદ સર્કલ પર બંને બાજુમાં આવેલા નગરપાલિકાના શોપિંગ સેન્ટરોમાં દુકાનદારોના નામ સરનામા સાથેની યાદી તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. સીટી સર્વે દ્વારા ડિટેલમાં મેજરમેન્ટ થી માપણી કરવામાં આવી હતી. હાલ પાલિકા તેમજ સીટી સર્વે દ્વારા પાલિકાના શોપિંગ સેન્ટરો સહિત ૧૦ જેટલા જુદા જુદા સ્માર્ટ રોડમાં અવરોધ રૂપ દબાણોમાં માપણી કરી માર્કિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પક્રિયા પૂર્ણ થયા બાદ કયા વિસ્તારમાં કેટલું અવરોધ રૂપ દબાણો છે. તે અંગે પાલિકા દ્વારા નોટિસ મારફતે સ્પષ્ટ કરવામાં આવશે તેવું હાલના તબક્કે લાગી રહ્યો છે.

## દે.બારીયા નગરના વોર્ડ નં.૬ માં નળ દ્વારા આવતું દુષિત પાણી : રોગચાળો ફાટી નીકળવાની પ્રજામાં દહેશત



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢ બારીયા શહેરમાં નગર પાલિકા વિસ્તારમાં શુદ્ધ અને ચોખ્ખું પીવાનું પાણી પૂરૂં પાડવા માટે સરકાર તરફથી લાખ્ખો રૂપિયાના ખર્ચ કરી પાઈપલાઈન અને વોટરફિલ્ટર પ્લાન્ટ નાખવામાં આવેલ છે. જે માટે પાલિકા દ્વારા પાણી સમિતિની નિમણુંક કરાઈ હતી. હાલમાં પાલિકા પ્રમુખ અને તમામ સદસ્યનો વહીવટી સમય પૂર્ણ થવાથી પાલિકાનું સુકાન દેવગઢબારીયાના મામલતદાર વહીવટદાર તરીકે સંભાળી રહ્યા છે. વહીવટદારની નિમણુંક થયા પછી પાલિકામાં સંભવિત લોકપ્રશ્નો માટે હજુ સુધી કોઈએ કોઈ રજુઆત કરી હોય તેવી જાણકારી મળી નથી.

દેવગઢ બારીયા નગર પાલિકા દ્વારા વોર્ડ નંબર-૬ માં અપાતા પાણીમાં કીચડ અને ગંધાતુ પાણી આવે છે. જેની વારંવાર રજુઆતો પાલિકના સભ્યોને કરવા છતાં નગર પાલિકા દ્વારા કોઈ અસરકારક પગલા લેવામાં આવતા નથી. કરોડો રૂપિયાનો ફિલ્ટર પ્લાન્ટ શોભાના ગાંઠિયા સમાન બન્યો છે. મળતી એક જાણકારી મુજબ આ ફિલ્ટર પ્લાન્ટનું જયારે ઉદઘાટન કરવામાં આવ્યું તે સમય થી ફિલ્ટર પ્લાન્ટ હજુપણ બંધ હોવાનું કહેવાય છે. પાલિકા વિસ્તાર ના વોર્ડ નંબર- ૬ માં છેલ્લા ત્રણ દિવસ થી ગંધ મારતું દુષિત પાણી નળમાં આવી રહ્યું છે. જે પાણી પીવા માટે યોગ્ય નથી. આ પાણી ગરણી વડે ગાળીને પીવાથી કદાચ કોઈક રોગ થાય તેવી પણ શંકા લોકોમાં પ્રવર્તી છે. ગટરના જેવું દુષિત પાણી આવતું હોય નગરજનોએ હાલમાં વેચાતું પીવાનું પાણી લેવાનો વારો આવ્યો છે. દેવગઢ બારીયા પાલિકા કચેરી વેરા વસુલાતમાં પાણી વેરો પુરેપુરો વસુલ કરાઈ છે, પણ જનતાને પાયાની સુવિધા આપવામાં ઉણી કેમ ઉતરે છે, તે વિચારવા જેવો પ્રશ્ન છે. નગરની જનતાને પ્રાથમિક સુવિધા આપવાના બદલે બિનજરૂરી ગેટ બનાવી કરોડો રૂપિયા બીજા કામોમાં વેડફીને મોટાપાયે ભ્રસ્ટાચાર કરવામાં આવ્યો હોવાનું નગરજનો જણાવી રહ્યા છે અને આ રૂપિયા નગરજનોની પ્રાથમિક સુવિધા જેવી કે ચોખ્ખું પીવાનું પાણી, સારા રસ્તા, સફાઈ અને નિયમિત કચરા કલેકશનમાં વાપર્યા હોત તો કઈ નગરની જનતાને સારી સુવિધા મળતી અને લોકોની પાયાની જરૂરિયાત પુરી થતી.

દેવગઢ બારીયા પાલિકા વિસ્તારમાં ઘણી જગ્યા એ પાણીની બૂમો પડતી હોય છે, પણ જે તે વિસ્તારના પાલિકા સદસ્ય હવે કંઈપણ સાંભળવા તૈયારી દાખવતા નથી, તેવું માની શકાય. વોર્ડ નંબર-૬ માં આવતું દુષિત પાણીની જગ્યાએ પીવાનું ચોખ્ખું પાણી પ્રજાને મળી રહે તેવી નગરજનોની માંગ છે.

## દાહોદ LCB પોલીસે ઘરફોડ ચોરી ગેંગના ચાર આરોપીને બાતમીદાર અને સોર્સના માધ્યમથી ૧૮ ગુન્હાનો ભેદ ઉકેલ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ એલ.સી.બી. પોલીસે આંતરરાજ્ય ઘરફોડ (સ્કુલ) ચોરી કરતી ગેંગના મુખ્ય આરોપી સહિત ચાર આરોપીઓને હ્યુમન ઈન્ટેલીજન્સ તેમજ ટેકનીકલ સોર્સના માધ્યમથી તથા આંતર રાજ્ય ઘરફોડ (સ્કુલ) ચોરીના મળી કુલ ૧૮ ગુનાઓનો ભેદ ઉકેલી રૂા.૩,૦૩,૫૯૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લા પોલીસની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની પોલીસ દ્વારા નાસતા ફરતાં આરોપીઓ, વોન્ટેડ આરોપીઓ, પ્રોહીના ગુન્હાઓ, જુગારના ગુન્હાઓના આરોપીઓ અને ગેરકાયદેસર પ્રવૃતિઓને ડામવા માટે દાહોદ જિલ્લા પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકાના આગાવાડા ગામે વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે ત્યાંથી એક મોટરસાઈકલ પર સવાર થઈ બે ઈસમો ત્યાંથી પસાર થતાં અને તેઓની પાસે એક મોટી એલ.ઈ.ડી. ટીવી હોવાના કારણે પોલીસે તેઓની પુછપરછ કરી અને ટીવી ક્યાંથી લાવ્યાં અને તેના બીલ વિગેરે બતાવવા જણાવતાં બંન્ને ઈસમો ગલ્લા તલ્લા કરવા લાગ્યાં હતા. જેથી પોલીસે તેઓને પોલીસ મથકે લાવી સઘન પુછપરછ કરતાં પોતે આંતર રાજ્ય ગેંગના ઘરફોડ ચોરીના આરોપીઓ હોવાનું પોલીસ સમક્ષ જણાવતાં પોલીસે આ ગેંગના ઝડપાયેલા અતુલ નુરાભાઈ ડામોર અને તેની સાથેના અરવિંદભાઈ ભુરાભાઈ ડામોર (બંન્ને રહે. ભાંડાખેડા, મંગા ફળિયા, તા. રાણાપુર, જિ.ઝાબુઆ, મધ્યપ્રદેશ) નાઓની અટકાયત કરી હતી. પોલીસે તેઓના ગેંગના અન્ય સાગરીતો વિશે પુછતાં પકડાયેલ આરોપીઓએ અન્ય સાગરીતાનો નામ, ઠામ, ઠેકાણાની માહિતી આપતાં પોલીસે વધુ ઈસમો શૈલેષભાઈ સુભાષભાઈ ડામોર (રહે. ભાંડાખેડા, મંગા ફળિયા, તા. રાણાપુર, જિ.ઝાબુઆ, મધ્યપ્રદેશ) અને મેહુલભાઈ ભરતભાઈ મિનામા (રહે. નીમચ, પરમાર ફળિયું, તા. ગરબાડા, જિ.દાહોદ) નાની અટકાયત કરી હતી. પોલીસે તેઓના આશ્રય સ્થાનો તેમજ ઠેકાણાઓ પરથી ચોરીના એલ.ઈ.ડી. ટીવી, ચોરીની એક્ટીવા મોપેડ, કોમ્પ્યુટરના સાધનો, ઘરવખરીનો સરસામાન વિગેરે મળી કુલ રૂા. ૩,૦૩,૫૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઉપરોક્ત પકડાયેલ ઈસમોએ ધાનપુર, લીમખેડા, ખીરખાઈ, દાહોદ તાલુકા, નગરાળા, છાપરી, આગાવાડા, કતવારા, જાલત, ગુલબાર, ગરબાડા, ભે, ખંગલા, દશલા, તેમજ મધ્યપ્રદેશની કેટલી શાળાઓમાંથી આ સરસામાન તેમજ એક્ટીવા મોપેડની ચોરી કરી હોવાનું કબુલ્યુ હતું. સમગ્ર મામલે દાહોદ એલ.સી.બી. પોલીસ દ્વારા ઉપરોક્ત ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી તેઓની ગેંગના અન્ય સાગરીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## સંજેલી નગરમાં ભર ઉનાળે પાણીની પોકાર



દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં નલ સે જલ યોજનાની કામગીરી છેલ્લા દોઢેક વર્ષ પહેલાં ચાલુ કરવામાં આવી હતી. સમગ્ર ગુજરાત રાજ્ય માં રાજ્ય સરકાર દ્વારા લોકો ને ઘરે ઘરે પાણી પહોચાડવા નો સંકલ્પ લીધો હતો ત્યારે સંજેલી નગરમાં પણ આ યોજના અંતર્ગત લોકોને ઘરે ઘરે પાણી પહોચાડવા માટેની નલ સે જલ યોજના ચાલુ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત નગરમાં કોન્ટ્રાકટર દ્વારા જ્યાં મન ફાવે ત્યાં રસ્તાની વચ્ચો વચ્ચ ખાડા ખોદી નાખવામાં આવ્યા હતા અને પાઈપ લાઈન નાખવામાં આવી હતી. થોડો સમય કામગીરી ચાલી પણ રસ્તાની વચ્ચે પાઈપો દબાવીને કોન્ટ્રાકટર પચાસ ટકા જેટલી રકમ લઈને જતો રહ્યો હતો. હાલમાં નલ કનેક્શનની પાઈપો રસ્તામાં ચાલતા વાહનોની નીચે દબાઈને તૂટી જવા પામી છે અને ૧૦ જેટલા ફળિયાઓમાં કોઈ પણ જાતની પાઈપ લાઈન નાખવામાં આવી નથી. સંજેલી પંચાયત દ્વારા પહેલાં પાણી આપવામાં આવતું હતું. તે પણ અમુક વિસ્તારોમાં પાઈપ લાઈનો કાપી નખાતા પાણી આવવાનું બંધ થઈ ગયું છે. ત્યારે સ્થાનિકો એ ટેંકરો દ્વારા વેચાતું પાણી લેવાનો વારો આવ્યો છે. હાલમાં કોન્ટ્રાકટર દ્વારા બાકીના નાણાં માટે જિલ્લાકક્ષા તેમજ પંચાયતને પત્ર લખવામાં આવ્યો છે કે અમે સંજેલી નગરમાં ૮૦ ટકા જેટલી નલ સે જલની કામગીરી પૂર્ણ કરી છે. તો અમારા બાકી નીકળતા નાણાં અમને આપવામાં આવે. આ પત્રના અનુસંધાનમાં પંચાયત બોડી તેમજ પાણી સમિતિ દ્વારા જિલ્લાકક્ષાએ આ કોન્ટ્રાકટરને ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ ના કરે ત્યાં સુધી કોઈ પણ જાતના બિલ ના મંજુર કરવા પત્ર લખવામાં આવ્યો છે. સરકારની આ યોજના સંજેલી નગર માટે ખોરંભે ચઢી હોય તેમ જણાય આવ્યું છે. નગર જનોની માંગ એવી છે કે, સરકારી અધિકારીઓ દ્વારા અધૂરૂં કામ મૂકીને ચાલી ગયેલા કોન્ટ્રાકટર પર કડક પગલાં ભરવામાં આવે અને નલ સે જલ યોજનની અધૂરી રહેલ કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવે તેમ જનતા ઈચ્છી રહી છે.

## ઈન્દોર-અમદાવાદ હાઈવે કાળી તળાઈ ગામ પાસે ખાનગી લકઝરી પલ્ટી જતાં ૧૦ મુસાફરોને ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના કાળી તળાઈ ગામે ઈન્દૌર-અમદાવાદ નેશનલ હાઈવે નજીક ગતરોજ વહેલી સવારના સમયે એક ખાનગી મુસાફર ભરેલી લક્ઝરી બસ પલ્ટી ખાઈ જતાં અંદર સવાર મુસાફરો પૈકી આઠથી દશ મુસાફરોને શરીરે ઈજાઓ થતાં તમામને સારવાર માટે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

ગતરોજ વહેલી સવારના ચારેય વાગ્યાના આસપાસ સુરતથી ઈન્દૌર તરફ જઈ રહેલી એક ખાનગી લક્ઝરી બસ દાહોદના ઈન્દૌર-અમદાવાદ હાઈવે તરફ આવેલ કાળીતળાઈ ગામેથી પસાર થઈ રહી હતી. તે સમયે આ લક્ઝરી બસ અકસ્માતે પલ્ટી ખાઈ જતાં જેમાં મહિલા સહિત આઠથી દશ વ્યકિતઓને શરીરે ઈજાઓ થઈ હતી. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવાના કાફલા સાથે ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્ત વ્યકિતઓને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. મુસાફરોના જાણવ્યાં અનુસાર, આ લક્ઝરી બસમાં મોટી પ્રમાણમાં કાપડ વિગેરે ભરવામાં આવ્યું હતું. આ લક્ઝરીમાં બસમાં મુસાફરોને ઘેટા, બકરાની જેમ ભરવામાં આવ્યાં હતાં. બસમાં કંઈક ખામી હોવાનું પણ સામે આવ્યું હતું અને બસના ચાલકે કાળજી ન રાખતાં આ અકસ્માત સર્જાયો હોવાનું મુસાફરો દ્વારા કહેવાઈ રહ્યું છે. જાણવા મળ્યાં અનુસાર, બસનું ટાયર ફાટકા આ માર્ગ અકસ્માત સર્જાયો છે. જાણવા મળ્યાં અનુસાર, આ બસમાં ૮૦થી ૯૦ જેટલા મુસાફરો બસમાં મુસાફરી કરી રહ્યાં હતાં તેની સાથે સાથે કાપડના પાર્સલો સુરથી આ બસમાં ઓવરલોડ ભરી દેવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતાં. માર્ગ અકસ્માત સર્જી બસનો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળે છે ત્યારે સમગ્ર મામલે સ્થાનીક પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા એસટી ડેપો સંકુલમાં ગર્ભવતી બિનવારસી ગાય ઓચિંતા આવી જતા સફળતા પૂર્વક વિયાણ કરાયું



દાહોદ,


પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢબારીયા શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ દિવસે દિવસે વધી રહ્યો છે. ત્યારે બજારમાં કેટલાય પશુઢોર આખો દિવસ તો ઠીક રાતે પણ બજાર માં બેઠેલા જોવા મળતા હોય છે. તેમના માલીક માત્ર દૂધ દોહવા માટે ઘરે રાખતા હોય છે પછી બજારમાં જાણેકે ખેતર હોય તેમ છુટ્ટા મૂકી દેતા હોય છે. દેવગઢબારીયા એસટી ડેપો સંકુલમાં આજે સાંજે ઓચિંતા સાડા પાંચેક વાગ્યાના સુમારે એક ગર્ભવતી કાળા રંગની ગાય આવી ચડી હતી અને આ ગાય આમતેમ આંટા ફેરા મારતી હતી. તે સમયે દેવગઢબારીયા એસટી ડેપો મેનેજર એસ.એસ.પટેલનું ધ્યાન જતા તેમને તરતજ સ્ટાફમાં કંડક્ટરની નોકરી કરતા અને પોતે ગોપાલક એવા ગોસાઈ સંજયગીરી નરસિંહગીરીને તરતજ ટેલિફોન કરી સંકુલમાં બોલાવી ગાય વિશે સમજ કરી હતી. ડેપોમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા સંજયગીરી પરિસ્થિતિને સમજી પારખી અને આ ગાયનું વિયાણ થવાની તૈયારી છે, તેમ કહી ગાયને અન્ય જગ્યા એ જતા રોકી બેસાડી દીધી હતી અને પોતે ગાયનું વિયાણ કરાવ્યું હતું. ગાયનું વાછરડું પણ હાલમાં સસક્ત હોવાની માહિતી મળી છે. દેવગઢ બારીયા એસટી ડેપો સંકુલમાં આજે બિનવારસી ગૌ માતાનું વિયાણ થયું હોવાની માહિતી મળતા આજુબાજુના લોકોના લોકટોળા સ્થળ ઉપર જામ્યા હતા.

## દાહોદ યશોદાની પરણિતાને દારૂડીયા પતિએ કરીયાણાની દુકાન માટે પૈસા લાવવા દબાણ કરતાં ફરિયાદ

દાહોદ,

કરીયાણાની દુકાન કરવા દારૂડીયા પતિ દ્વારા બાપના ઘરેથી પૈસા લઈ આવવા અવાર નવાર દબાણ કરી જો પૈસા નહી લાવે તો ઘરમાં ન રહેવા દેવાની ધમકી આપી મારકુટ કરી સાસરીયા દ્વારા છેલ્લા નવ માસથી શારીરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુક્યાનું જાણવા મળ્યું છે. દાહોદ યશોદા ડેન્સી, ગરાસીયાના બંગાલા પાસે રહેતા દયાશંકર મિશ્રાની દીકરી ૨૧ વર્ષીય ખુશીબેનના લગ્ન તા. ૧૫-૪-૨૦૨૨ના રોજ દાહોદ મુવાલીયા ક્રોસીંગ, પાર્વતી નગર આદિત્ય એપાર્ટમેન્ટમાં રહેતા પ્રતિક લુકેન્દ્ર શર્મા સાથે થયા હતા. ખુશીબેનને લગ્ન બાદ ત્રણેક માસ સુધી તેના પતિ, સાસુ, નણંદ, તેમજ અન્ય સાસરીયા દ્વારા સારૂ રાખવામાં આવ્યા બાદ તેઓનુ પોત પ્રકાશ્યું હતું અને ખુશીબેનના પતિ દારૂ પીને, ખુશીબેનને તું તારા બાપના ઘરેથી દહેજમાં કાંઈ લાવી નથી અને મારે કરિયાણાની દુકાન ચાલુ કરવાની હોઈ જેથી તું તારા બાપના ઘરેથી રૂપિયા ૫૦ હજાર લઈ આવ જો તું પૈસા લઈ આવે તો જ તને અમારા ઘરમાં રહેવા દઈશ. તેમ કહી દહેજની માંગણી કરી ખુશીબેનને અવાર નવાર હેરાન પરેશાન કરી કોઈ પણ કોઈ પણ કારણ વગર ઝઘડો તકરાર કરી તું મારા ઘરમાંથી નીકળી જા તેમ કહી મારકુટ કરી ત્રાસ આપતો હતો જયારે ખુશીબેનની સાસુ આશાબેન લુકેન્દ્ર શર્મા, નણંદ શાંતાબેન વિદ્યાધર મીશ્રા તથા નિશુ લુકેન્દ્ર શર્મા વગેરેએ ઘરમાંથી કાઢી મુકવા ચઢામણી કરતા હતા અને તમામે ભેગા મળી ખુશીબેનને ગાળો બોલી, મારી નાંખવાની ધાકધમકીઓ આપી શારીરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મૂકતા ખુશીબેને પિયરવાટ પકડી હતી અને પોતાને ઘરે આવી પોતાનિ વિતક કહી સંભળાવ્યા બાદ પોતાના પતિ સહીત ઉપરોક્ત સાસરીયા વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઈપીકો કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૪, ૫૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ દ્વારા "રોલ ઓફ આઈક્યુંએસી એન્ડ ન્યૂ મેથોડોલોજી ફોર નેક એક્રિડિટેશન" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૧૯/૦૪/૨૩,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા "રોલ ઓફ આઈક્યુંએસી એન્ડ ન્યૂ મેથોડોલોજી ફોર નેક એક્રિડિટેશન" વિષય ઉપર વ્યાખ્યાન આયોજિત કરવામાં આવ્યું.

જેમાં વિષય નિષ્ણાંત તરીકે પ્રો. ડો.નિકુંજ ભટ્ટ, આઈક્યુંએસી કોઓર્ડિનેટ્રર, વી. પી. એન્ડ આર. પી. સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર થી ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે કોલેજો નું નેક એક્રિડિટેશન કરાવવા માટેની પદ્ધતિ ની માહિતી તેમજ તેમાં અલગ અલગ માપદંડ માટે કેવી રીતે તૈયારી કરવાની તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ વ્યાખ્યાનમાં નવજીવન સાયન્સ કોલેજ, નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તથા જે એન્ડ આર બીએડ કોલેજ ના આચર્યો તેમજ તમામ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

સંપૂર્ણ વ્યાખ્યાનનું આયોજન ઝૂલોજી ડિપાર્ટમેન્ટ ના વડા પ્રો. એન. એ. વોરા મેડમ દ્વારા, ડો. જી.જે. ખરાદી, પ્રિન્સિપાલ નવજીવન સાયન્સ કોલેજ ના માર્ગદર્શન તેમજ સંસ્થા ના કન્વેનોર મિહિર શાહ ની ઉપસ્થિતિ માં કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ નું સંચાલન ડો. દિગ્વિજયસિંહ રાણા દ્વારા કરવામાં આવ્યું હતુ.

## દે.બારીયા નગર પાલિકાના કર્મીઓના બોગસ સહીની નોટીસોથી ફરી બુલ્ડોઝર ચાલવાની ભીંતિ છે...???

દે.બારીયા,

બિહાર રાજ્યમાં જંગલ રાજ ૧૯૮૦ના દાયકામાં જોવા મળ્યો હતો. જ્યારે હાલમાં બુલ્ડોઝર રાજનો પ્રયોગ પ્રખ્યાત છે. ધીમે ધીમે બુલ્ડોઝર રાજ આપણાં ગુજરાત રાજ્યમાં પણ પગ પેસારો કરી ચુકયો હોય તેવો આભાસ થઈ રહ્યો છે. હાલમાં બે માસ અગાઉ હોળીના પર્વ પહેલા દે.બારીયા શહેરના મુખ્ય બસ સ્ટેન્ડ થી ધાનપુર રોડ સુધી અને કન્યાશાળા રોડ તેમજ શુક્રવારી બજારની નવા શેડની દુકાનોનો ભાવ રેટ ઉંચો લાવવા માટે આ તમામ વિસ્તારોના કેબીન, લારી ગલ્લાઓને બુલ્ડોઝરની હાજરી બતાવીને હટાવવા મજબુર કર્યા હતા. તે કેબીનો લારી ગલ્લા બસ સ્ટેન્ડ રોડ ઉપર જે તે સ્થિતીમાં ફરી કાર્યરત થઈગયા છે. તેનું શું ? તેના બાબતે નગર પાલિકાના બુલ્ડોઝર રાજ ચલાવનારા કર્મીઓ જવાબ આપશે ખરાં ?

પ્રાપ્ત માહિતી મુજબ હવે બુલ્ડોઝર પાર્ટ ટુ કરવાના પેંતરાઓ રચાઈ ચુક્યા છે. ફરી ગરીબોના કેબીનો, લારી ગલ્લા બુલ્ડોઝર ચલાવવાની નોટીસો એ પણ સી.ઓ.ની નકલી સહીવાળી નોટીસો ઈશ્યુ કરાય છે. જાણે પાલિકાના કર્મીઓ ઉપર અને માથે રણીધણી નથી. કારણ કે, હાલમાં સુપર સીટ થઈ જતાં પાલિકાનો આખો વહિવટ સરકારી બાબુઓ સરમુખ્તયાર બની બેઠા છે. કારણ જનતાએ ચુંટેલા સદસ્યો પણ આમ જનતામાં પરિવર્તન થઈ ચુક્યા છે. જેથી તેઓનું હસ્તક્ષેપ નડવાનો નથી. ફરી પાર્ટ - ટુ બુલ્ડોઝર રાજના ભણકારા વાગી ચુક્યા છે. હવે તો આમ જનતા પોતાના ધંધા રોજગારના ખાતર આંદોલનના મૂડમાં છે અને આ પાર્ટ-ટુ માં દે.બારીયાના લોકલાડીલા નેતા આ ખાઈ બદેલા નગર પાલિકાના કર્મીઓને લગામ લગાવશે ખરાં કે પછી જેમ ચાલવા દોની નીતિ ચલાવી લેવામાં આવશે ? એ તો આગામી પાલિકાની ચુંટણીમાં કપરાં ચડાણ ભાજપ માટે થવાના છે. દે.બારીયા ન.પા.પત્ર-૧ ટીપી/નોટીસ/૧૧ તા.૨૦/૦૪/૨૦૨૩ મુજબ ભે દરવાજા રોડ સાઈડ લારી તથા ગલ્લાવાળઓ પોતાનું જીવન નિર્વાહ આની ઉપર નભે છે. અને નગર પાલિકાના દ્વારા સત્વરે દિન-૧માં તમારા દબાણ દુર કરવા અન્ય થા અપના સંમત નગર પાલિકા અધિનિયમની જોગવાઈની આડમાં કથીત દબાણો દુર કરવામાં આવશે. આ નોટીસો જે તે ગલ્લા કેબીનોના માલીકોને તા.૨૦/૦૪/૨૦૨૩ ગુરૂવાર નારોજ બપોરે ૧૨-૦૦ કલાકે સ્થળ ઉપર લાવલશ્કર સાથે આવી એ પણ નકલી સહીવાળી નોટીસો અન્ય કર્મીના દ્વારા નકલી સહી કરી બજાવી છે ? તેવું ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું છે. શું ? ડુપ્લીકેટ સહીના નબલી બીલો બનાવીને નાણાં ચાંઉ થયા હશે તે તપાસનો વિષય બનવા પામ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, સી.ઓ. સપ્તાહમાં એક યા બે દિવસ પોતાની ફરજ બજાવવા આવે છે. તેવું પણ ચર્ચાઈ રહ્યું છે.

જેથી હાલમાં આપવામાં આવેલ નોટીસોમાં ચીફ ઓફિસરની બોગસ સહી પ્રથમ નજરે દેખવા મળી રહી છે. હાલની નોટીસોની સહી અને ખરી અને સાચી સહીનું તટસ્થ નિરીક્ષણ થાય તો ઘણું બધું અને મસમોટું કૌભાંડ બહાર આવે તો નવાઈ નહીં. સી.ઓ.ની ગેરહાજરીમાં આવા કેટલા ખેલ થતાં હશે તે વડોદરા ઝોનના નગર પાલિકા કમીશ્નર આ બાબતે તપાસનો દૌર ચલાવશે તેવું શહેરની આમ જનતા મોટો સવાલ પૂછે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.204

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા શહેરા ભાગોળ રેલ્વે અન્ડર પાસ બ્રીજની કામગીરી માટે મશીનરી ગોઠવાઈ પણ વરસાદી પાણીના નિકાલના શીફટીંગ કામગીરી ઝડપી થાય તે જરૂરી



ગોધરા,
ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક પાસે અન્ડર બ્રીજની કામગીરી શરૂ કરવાની હોય કોન્ટ્રાકટર દ્વારા મશીનરી ગોઠવી દેવામાં આવી છે પરંતુ પાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલની કેનાલની શીફટીંગની કામગીરી ધીમી ચાલતા અન્ડર પાસની કામગીરી અટકી છે.

ગોધરા શહેરના નાગરિકોના કાયમી પ્રશ્ન એવા શહેરા ભાગોળ રેલ્વે ફાટકના સ્થાને અંન્ડર બ્રીજ બને તો ફાટકની સામેની બાજુના રહિશો તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકો માટે કાયમી રેલ્વે ફાટકની સમસ્યાથી છુટકારો મળે તેવી શહેરા ભાગોળ રેલ્વે ફાટક પાસે અન્ડર બ્રીજની કામગીરી હવે શરૂ થવા જઈ રહી છે. રેલ્વે અન્ડર બ્રીજની કામગીરી કરતાં કોન્ટ્રાકટર દ્વારા મશીનરી ગોઠવી દેવામાં આવી છે. ટુંક સમયમાં અન્ડર બ્રીજની કામગીરી શરૂ કરાય તે પહેલા પ્રાંત અધિકારી અને રેલ્વેના અધિકારીઓ દ્વારા બસ સ્ટેન્ડ થી સિગ્નલ ફળીયા ગળનાળા સુધી ટ્રાફિકની સમસ્યાનું નિરીક્ષણ કરી લેવામાં આવ્યું છે. ટુંક સમયમાં જીલ્લા કલેકટર દ્વારા રેલ્વે અન્ડર બ્રીજને લઈ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે પરંતુ અન્ડર બ્રીજની કામગીરી શરૂ થાય તે પહેલા ગોધરા પાલિકા દ્વારા રેલ્વે ફાટકને અડીને આવેલ વરસાદી પાણીના નિકાલવાળી કેનાલ (કાંસ) શીફટીંગની કામગીરી ગોકળગતિથી કરાઈ રહી છે. જેને લઈ અન્ડર બ્રીજની કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે. અન્ડર બ્રીજની કામગીરી કરનાર કોન્ટ્રાકટર દ્વારા જણાવ્યું કે, અન્ડર પાસ બ્રીજ માટે જે મશીનરી ગોઠવી છે. તે મશીનનું ભાડું મહિનાનું બે લાખ ચુકવવામાં આવે છે. પાલિકા વરસાદી કાંસની કામગીરી પુરી કરે તો અન્ડર બ્રીજની કામગીરી ઝડપીથી શરૂ થાય તેમ છે.

# કાલોલ તાલુકા પંચાયતના મનરેગા વિભાગમાં સિંચાઈ કુવાની મંજુરી માટે નાણાં લીધા બાદ પણ વધારે નાણાંની માંગણી કરતાં આક્ષેપ સાથે હોબાળો મચાવ્યો



કાલોલ,
કાલોલ તાલુકા પંચાયતના મનરેગા શાખા દ્વારા સિંચાઈ કુવાની યોજનામાં બે લાભાર્થીઓએ અરજી કરેલ હોય કુવાની મંજુરી માટે મનરેગા શાખાના ટેકનીકલ અને રોજગાર સેવક દ્વારા ૩૫,૦૦૦/-રૂપીયા લાંચ લીધા બાદ વધુ નાણાંની માંગ કરતાં લાભાર્થીએ તાલુકા પંચાયત કચેરીમાં હોબાળો મચાવતાં મનરેગા શાખાના બે કર્મીઓ કચેરી માંથી નાશી છુટવા મજબુર બન્યા તાલુકા પંચાયત કચેરીમાં લાભાર્થીના ખુલ્લા આક્ષેપથી ભાગદોડ મચી જવા પામી છે.

મનરેગા યોજના અંતર્ગત સામૂહિક સિંચાઈ કુવાની યોજનામાં ખેડુતો કુવા બનાવવા માટે સામૂહિક અને સીંગલ લાભાર્થીને પણ મનરેગા વિભાગ દ્વારા લાભ આપવામાં આવતો હોય છે. સીંગલ સિંચાઈ કુવા માટે લાભાર્થીએ લાભ લેવા માટે સ્થાનિક ગ્રામ પંચાયતમાં ઠરાવ કરી તાલુકા પંચાયતના મનરેગા વિભાગ મંજુરી માટે કાર્યવાહી કરવાની થતી હોય મનરેગા અંતર્ગતના સિંચાઈ કુવાની મંજુરી પહેલા મનરેગાના ટેકનિકલ અને ગ્રામ રોજગાર સેવકને એડવાન્સમાં લાંચ આપવી પડતી હોય છે. કાલોલ તાલુકાના એક ગામના લાભાર્થીએ સિંચાઈ કુવા મંજુર કરાવવા માટે ટેકનિકલ અને ગ્રામ રોજગાર સેવક દ્વારા ૩૫,૦૦૦/-રૂપીયાની લાંચ લેવામાં આવી હતી અને વધુ નાણાંની આ બન્ને મનરેગા શાખાના કર્મીઓ કરતા હોય જેને લઈ લાભાર્થી કાલોલ તાલુકા પંચાયત કચેરીમાં આવીને હોબાળો મચાવતાં મનરેગા શાખાના લાંચીયા કર્મીઓનો ભાંડો ફુટી જતાં અને લાભાર્થીનો રોષ પારખી જઈને કચેરી છોડી નાશી છુટવા મજબુર બન્યા. મનરેગા શાખામાં લાભાર્થી લાંચના આક્ષેપને લઈ દોડધામ મચી જવા પામી.

# હાલોલ તાલુકાના ધારીઆ ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં રાત્રી ગ્રામસભા યોજાઇ



ગોધરા,
પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ધારીઆ ખાતે જિલ્લા કલેક્ટર આશિષ કુમારની અધ્યક્ષતામાં રાત્રી ગ્રામસભા યોજાઈ હતી. આ સભામાં ગામના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા તથા વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા રાજ્ય સરકારની ચાલતી વિવિધ યોજનાકીય બાબતોની માહિતી રજૂ કરાઈ હતી. આ સાથે સ્થળ પર જ વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગ્રામલોકોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. જેનો જિલ્લા કલેક્ટરએ ત્વરિત નિકાલ લાવવા સબંધીત ખાતાના વડાને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરએ આંગણવાડી,શિક્ષણ અને સ્વાસ્થ્ય વિશે વાત કરતા જણાવ્યું હતું કે દરેક વ્યક્તિને આરોગ્યનો લાભ મળે, શિક્ષણ મળે તે માટે સરકાર દ્વારા જે માળખું ગોઠવાયેલું છે, તે તેમજ વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે તે માટે તમામ પ્રયત્નો કરીને જનસુખાકારી તરફ આગળ વધીશું. દરેક નાના બાળક સુધી બાળશક્તિ સહિતની પોષણ સહાય મળી રહે તે જરૂરી છે. સરકારની દરેક યોજનાનો એક હેતુ હોય છે. માતૃશક્તિનું પેકેટ માતા અને બાળકને પોષણ પૂરૂં પાડે છે. બાળશકિત, પૂર્ણાશકિત અને માતૃશકિત કુપોષણ નાબુદી માટે આવશ્યક છે. કિશોરીઓ, ધાત્રીમાતાઓ ને તમામ પ્રકારની સહાય અને પોષણ મળી રહે તે જરૂરી છે, તેમ જણાવ્યું હતું.

વધુમાં પ્રાકૃતિક ખેતી, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, કુંવરબાઈનું મામેરૂં, પાલક માતાપિતા યોજના, દિવ્યાંગ યોજના અંગે વિસ્તૃત માહિતી અને આ યોજનાનો લાભ કોણ અને કેવી રીતે મેળવી શકે અને તે માટે ક્યા ડોક્યુમેન્ટની જરૂર રહે છે તે અંગે જાણકારી પીરસવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ વિભાગોમાંથી ઉપસ્થિત અધિકારીઓ એ સરકારની ચાલતી વિવિધ યોજનાઓ અને તેના લાભ વિશે ગામલોકોને માહિતી આપી હતી. હાલોલ પ્રાંત અધિકારી દ્વારા ગ્રામલોકોને ખાત્રી આપી હતી કે તમામ પ્રકારના પ્રશ્નોનું સમાધાન અને નિકાલ કરવા તમામ પ્રયત્નો કરવામાં આવશે.

ગ્રામસભાએ સરકાર અને વહીવટી તંત્ર વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે. લોકોના દ્વારે પ્રજાના પ્રશ્નો સાંભળવા અને મુશ્કેલીઓ દૂર કરવા રાત્રી અને દિવસીય ગ્રામસભાઓ યોજવામાં આવે છે. આ રાત્રી સભામાં પ્રાંત અધિકારી હાલોલ, મામલતદાર, આયોજન અધિકારી સહિત સબંધીત જિલ્લાના અધિકારીઓ અને કર્મચારીઓ તથા ગામલોકો હાજર રહ્યા હતા.

# હાલોલ ખાતે જીલ્લા પોલીસવડાએ લોક દરબાર યોજયો



હાલોલ,
હાલોલ ટાઉન પોલીસ મથકે આજે જિલ્લા પોલીસ અધિક્ષકે નિરીક્ષણ પરેડ યોજી હાલોલ નગરજનો અને પત્રકારો સાથે સમન્વય સાધી પ્રજાના પ્રશ્નો અને રજૂઆતો સાંભળી તેમાં પોલીસ કેવી રીતે પ્રજાનો મિત્ર બની શકે તે હેતુથી તે લોકદરબારનું પણ આયોજન કર્યું હતું. આ પ્રસંગે હાલોલ ડીવાયએસપી, હાલોલ સીપીઆઈ, ટાઉન પીઆઇ સહિત પોલીસ, પ્રેસ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા એસપી એ અનેક પ્રશ્નો અને રજૂઆતો સાંભળી તેના સુખદ સમાધાન માટેની ખાતરી આપી હતી.હાલોલ નગરજનો સાથે સંવાદ કરવાનો અને તેઓના પ્રશ્નો અને રજૂઆતો સાંભળવાનો જિલ્લા પોલીસ અધિક્ષકનો લોકદરબાર યોજાયો હતો. આ પ્રસંગે ટાઉન પોલીસ મથકે કોન્સ્ટેબલ અને અધિકારીઓ વચ્ચે નિરીક્ષણ પરેડ યોજી હતી. પરેડ દ્વારા પીઆઇ ચૌધરીએ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીને સલામી આપી સ્વાગત કરવામાં આવ્યું, તો અધિક્ષકે પરેડમાં ઉભેલા કોન્સ્ટેબલો વચ્ચે પહોંચી તમામનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.ત્યારબાદ હાલોલ પ્રેસ મિત્રો, નગરજનો, આગેવાનો અને સેવાભાવી સંસ્થાઓના ઉપસ્થિત કાર્યકરો સાથે પરિસંવાદ કરી તેઓની રજૂઆતો અને પ્રશ્નો સાંભળ્યા હતા. હાલોલના સિનિયર પત્રકાર મકસુંદ મલેકે હાલોલ નગરમાં આરટીઓ નંબર પ્લેટ વગર ફરતા વાહનો, કાળી ફિલ્મ લગાવીને અને પોલીસ તથા પ્રેસ લખી ફરતા વાહનો સામે તપાસ માટે રજૂઆત કરાઈ હતી. શહેરમાં આવા વાહનો લઈ ફરતા પોલીસના કર્મીઓ અને પ્રેસવાળા સામે કાર્યવાહી કરવા સૂચના આપી હતી. કોઈ પોલીસ કર્મચારી પોલીસ લખાવેલા વાહન સાથે ન ફરે તેવું પણ સૂચન કર્યું હતું. નગરમાં ઉભી થતી ટ્રાફિક સમસ્યા, કેટલાક જાહેર સ્થળે ઉપર સીસીટીવી કાર્યરત કરવા, હાલોલ બાયપાસ રોડ ઉપર કંજરી ચોકડી પાસે પોલીસ ચોકી બાબતે, સાઈબર ક્રાઈમના બનતા વધુ બનાવો અંગે અને એસટી ડેપોમાં સીસીટીવી કાર્યરત કરવા અને પાવાગઢ પદયાત્રીઓ માટેની ફૂટપાથના દબાણો હટાવવા જેવા મુદ્દાઓની રજુઆત હાલોલ પાલિકા પૂર્વ પ્રમુખ નીતિન શાહ, સિનિયર પત્રકાર પરમાનંદ સોની, સુરેન્દ્ર શાહ, જલ્પેશ સુથાર વગેરે કરી હતી. જિલ્લા અધિક્ષક હિમાંશુ સોલંકીએ તમામ રજૂઆતો અને પ્રશ્નો સાંભળ્યા હતા અને તેના સમાધાન માટે ખાતરી આપી હતી. પોલીસ સ્ટાફની ઘટ છે, ક્રાઈમ વધી રહ્યો છે, ત્યારે મહેમક વધારવા અંગેની રજૂઆતનો અન્ય તાલુકાઓ કરતા આ બાબતે હાલોલની સ્થિતિ સારી હોવાની વાત જણાવી છેદ ઉડાડી દીધો હતો.

# નદીસર પંચાયતના વિકાસના કામોના ભ્રષ્ટાચારમાં DYSP એ સ્થળ મુલાકાત લેતાં પ્રજાજનોમાં આશ્ચર્ય




નદીસર,
નદીસર ગ્રામ પંચાયતના ૧૯ કામો કર્યા વગર નાણાં ચૂકવ્યા હોવાના દાખલ થયેલ ગુનામાં ગોધરાના ડી.વાય.એસ.પી.એ નદીસર ગામમાં બહુચર્ચિત ૧૯ કામો સંદર્ભમાં સ્થળ મુલાકાત લઈને ચકાસણીઓ શરૂ કરતાં પ્રજાજનો પણ દંગ રહી ગયા હતા.

ગોધરા તાલુકાના નદીસર ગ્રામ પંચાયતના કાર્યક્ષેત્રમાં ૧૪મા અને ૧૫મા નાણાંપંચ હેઠળ કરવામાં આવેલા ૩૨ વિકાસના કામો પૈકી ૧૯ કામો કરવામાં આવેલી ગેરરીતિ અને ૪૮.૧૯ લાખ રૂપિયા ના નાણાંકીય ચૂકવણાઓ કરવામાં આવ્યા હોવાના સંદર્ભમાં ૨ પૂર્વ સરપંચો સહિત ૧૨ કર્મચારીઓ સામે કાંકણપુર પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. નદીસર ગ્રામ પંચાયતના આ બહુચર્ચિત પ્રકરણની તપાસ કરી રહેલા ગોધરાના ડી.વાય.એસ.પી. પરાક્રમસિંહ રાઠોડે આ ૧૯ કામો કરવામાં આવેલી ગેરરીતિ અને સ્થળ ઉપર હયાત છે કે તે માટે તેઓએ ગોધરા તાલુકા માં આવેલી નદીસર ગ્રામપંચાયતની મુલાકાત લઈને આ કામોની સ્થળ ચકાસણી કરીને તપાસને વેગવંતી બનાવી છે. એમાં બનાવવામાં આવેલ આર.સી.સી. રોડ ઉપર પથરાઈ ગયેલ આ માટીને દૂર કરાવીને નીચે ખરેખર રસ્તો છે કે કેમ પોલીસ ટીમને સાથે રાખીને સ્થળ ચકાસણી ગ્રામજનોની નજરો સામે કરી હતી. જોકે, નદીસર ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં ગેરરીતીઓ આચરવામાં આવી હોવાની ફરિયાદમાં સામેલ કેટલાક આરોપી કર્મચારીઓદ્વારા ગોધરા અદાલતમાં આગોતરા જામીન માટે કરાયેલ અરજીમાં ૧૯ કામો સ્થળ ઉપર કરવામાં આવ્યા હોવાના ફોટોગ્રાફ સાથે રજૂઆત કરવામાં આવતા નદીસર ગ્રામ પંચાયતમાં ૧૯ કામોની ગેરરીતીઓનો આ મામલો વધુ ગરમાયો છે. નદીસર પ્રકરણની આ ફરિયાદ કરતા પૂર્વ તપાસ ટીમના સભ્યો દ્વારા સ્થળ પંચક્યાસ કરવામાં આવ્યા હતા કે કેમ? અને જે તે કર્મચારીઓને શો-કોઝ નોટિસ આપીને ખુલાસાઓની તક આપવાના બદલે સીધેસીધી પોલીસ ફરિયાદદાખલ કરી દેવાનો આ મુદ્દો હવે કાનૂની જંગની લડાઈઓમાં ફેરવાઈ જવાના એંધાણો દેખાઈ રહ્યા છે.

# પાવાગઢ ખાતે સ્વરોજગાર માટે યુવા પરિવર્તન સંસ્થા દ્વારા તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યા



હાલોલ,
હાલોલ તાલુકાના પાવાગઢ ગામે સ્વ રોજગાર માટે નાં ક્લાસ ચાલુ કરવામાં આવ્યા. યુવા પરિવર્તન સંસ્થા દ્વારા ગુજરાતભરમાં સ્કીલ ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત લોકો સુધી સ્કીલ ઈન્ડિયાના અલગ અલગ કોર્ષ ચાલુ કરવાના હેતુ થી આ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. હાલોલ તાલુકા અને પંચમહાલ જિલ્લામાં પ્રત્યેક ગામડા સુધી ક્લાસને પહોચાડવાના પ્રયાસ થી આ ક્લાસ ચાલુ કરવામાં આવ્યા છે. આગમી સમયમાં પંચમહાલના તમામ ગામે સીવણ, પાર્લર, મહેંદી, પાપડ ઉદ્યોગ જેવા ૧૨૦ કોર્ષ ચાલુ કરીને અલગ અલગ પ્રકારની નોકરીનાં માધ્યમો ઊભા કરવા જઈ રહ્યા છે. આ ઉદઘાટનમાં પ્રોજેક્ટ ઓપરેશન મેનેજર રોહિત મિશ્રા તથા જિલ્લા અધિકારી ઉમેશ વણઝારા તથા કમલેશ દરજી તેમજ હાલોલ તાલુકા ફિલ્ડ ઓફિસર દીપ મકવાણા હાજર રહ્યા હતા. જેમાં ગામની મોટાભાગની બહેનો હાજર રહી હતી. યુવા પરિવર્તન સંસ્થા મુંબઈ સ્થાપિત સંસ્થા છે. જેની સ્થાપના૧૯૯૮માં મુંબઈના મુખ્ય મંત્રી બી.જી. ખેરે કરી હતી. તેના યુવાનોમાં આવતા પરિવર્તનો અને કાર્યક્રમોને જોઈને ૨૦૦૪ માં ડો. એ.પી.જે.અબ્દુલ કલામ દ્વારા આને નામ પરિવર્તન કરવામાં આવ્યું હતું. હાલ આ સંસ્થા ૯ રાજયો અને ૬ થી વધુ દેશમાં કાર્યરત છે, જેનો હેતુ સ્કીલ ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત લોકો સુધી સ્કીલ પહોંચે અને વધુ માં વધુ રોજગાર મળે તેના પ્રયાસો કરવામાં આવશે. આજ દિન સુધી ભારતભરમાં ૨ લાખ થી વધુ યુવાનો અને યુવતીઓએ આમાં ટ્રેનીંગ લઈ લીધી છે અને આગળ વધુ વ્યક્તિ આમાં ટ્રેનીંગ લે તેવા હેતુ થી આને પ્રયાસો રહેશે તમામ ઉદઘાટન કાર્યકમ અને સહયોગ માર્ગદર્શન યુવા પરિવર્તન જિલ્લા અધિકારી ઉમેશ વણઝારા દ્વારા આપવામાં આવ્યું હતું.

# હાલોલ પાવાગઢ બાયપાસ અને ગુરૂકૃપા સોસાયટી પાસે ક્રિકેટ મેચનો સટ્ટો રમાડતા બે ઈસમોને LCB પોલીસે ઝડપ્યા

હાલોલ,
હાલોલ પાવાગઢ બાયપાસ રોડ ઉપર પેટ્રોલ પંપ પાસે આરોપી મોબાઈલ આઈડી દ્વારા આઈપીએલ ક્રિકેટ મેચ જોઈ બોલના સેશન્સ જોઈ ક્રિકેટ સટ્ટા હારજીતનો જુગાર રમતાડતા હોય તે સ્થળે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી ૧૧,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ લીમડી ફળીયામાં રહેતા સલીમ મુસાભાઈ લાકડાવાલા પાવાગઢ બાયપાસ રોડ ઉપર પેટ્રોલ પંપ પાસે આઈપીએલ ક્રિકેટ મુંબઈ ઈન્ડીયન અને સનરાઈઝ હૈદરાબાદ વચ્ચે રમાતી મેચ મોબાઈલમાં લાઈવ જોઈને ક્રિકેટ સટ્ટાનો જુગાર રમાડી રહ્યો છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી મોબાઈલ ફોન નંગ-૩ કિંમત ૧૧,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે હાલોલ ગુરૂકૃપા સોસાયટીના નાકા ઉપર અનિલ વિજયભાઈ નાયક (રહે. પ્રેમ એસ્ટેટ) મોબાઈલ ફોન ગુગલ એપ ઉપર ક્રિકેટ મેચનો હારજીતનો જુગાર રમાડતા સ્થળે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ૧૧,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડયો.

# પાવાગઢમાં પાર્કિંગ માટે થતી ઉઘાડી લુંટ મામલે જાંબુઘોડા TDOને તપાસ સોંપાઈ

ગોધરા,
પાવાગઢ મંદિર ખાતે ચૈત્રી નવરાત્રિમાં લાખો શ્રદ્ધાળુઓ આવ્યા હતા. પાવાગઢ ગ્રામ પંચાયતના પાર્કિંગમાં ભકતો પાસેથી વાહનો પાર્ક કરવા ઉઘાડી લુંટ તલાટી તથા વહીવટદારના માણસો દ્વારા કરાતી હતી. એજન્સીના માણસો વાહનના પાર્કિંગની પહોંચ ૫૦ રૂ.ની આપીને ૧૦૦ થી ૧૫૦ રૂ.ગેરકાયદે વસુલાતા હતા ત્યારે ગીર સોમનાથના યાત્રાળુ રસીક ચાવડા પાવાગઢ આવતા પાર્કિંગ ચાર્જના નામે ઉઘાડી લુંટ કરતા તેઓએ પાવાગઢ ખાતે પે એન્ડ પાર્કિંગ અંગે સ્વાગતમાં રજુઆત કરી હતી. પે એન્ડ પાર્કિંગનુ ટેન્ડર બહાર પાડ્યા વગર એજન્સી નાણાં ઉઘરાવતા સરકારના વેરાની ભરપાઈ ન કરીને સરકારી તિજોરીને નુકસાન કરી રહ્યો હતો. જેથી ના.ડીડીઓ એચ.કે.મકવાણાએ ગ્રામ પંચાયત ચાંપાનેરના તલાટી દ્વારા મિલીભગત તથા મદદગારીથી પે એન્ડ પાર્કિંગના નાણાં ઉઘરાવી નાણાંકિય ગેરરિતી આચરી સરકારને આર્થિક નુકસાન પહોંચાડીને તંત્રની પ્રતિષ્ઠાને હોવાને પહોંચાડી છે. ના.ડીડીઓ દ્વારા પે એન્ડ પાર્કિંગની તપાસ જાંબુઘોડા ટીડીઓને તપાસનો હુકમ કરી સમગ્ર તપાસનો રિપોર્ટ દિ-૭માં કચેરીએ રજુ કરવાનો આદેશ આપ્યો હતો.

# બાળલગ્ન કરવા કે કરાવવા એ કાયદાકીય ગુનો બને છે, પંચમહાલ જિલ્લામાં લોકો જાગૃત બની, બાળલગ્ન ન થાય તે માટે ખાસ તકેદારી રાખે

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં હાલ લગ્નસરાની મોસમ ચાલી રહી છે અને તેમાંય ખાસ કરીને અખાત્રીજ (અક્ષયતૃતીયા)ના દિવસને લગ્ન માટે શુભ માનવામાં આવે છે. જેથી પંચમહાલમાં બાળલગ્ન ન થાય તે માટે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવનાર છે.

આ પ્રકારના બાળલગ્નોમાં સામેલ થનાર ગોરમહારાજ, રસોયા, મંડપ ડેકોરેશન, ડી.જે, બેન્ડબાજાવાળા, ફોટોગ્રાફર, સહીતનાઓની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સમૂહલગ્નના આયોજકો તથા વર-કન્યાના માતાપિતા સહિત અન્ય લોકો પણ બાળલગ્નની મદદગારીમાં સામેલ હોય તો પણ તેમની સામે કાયદાકીય ગુનો નોંધાય છે.

આ ઉપરાંત બાળલગ્નોની જાણકારી બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા પોલીસને મળે અને આવા લગ્ન અટકાવવામાં આવે ત્યારે લગ્નનો ખર્ચ માથે પડે છે. જેના પરીણામે લગ્ન કરાવનારની પ્રતિષ્ઠાને પણ અસર થાય છે. તેથી લગ્ન નક્કી થાય તે પહેલાં જ વર-કન્યાની ઉંમરની ચકાસણી કરી લેવામાં આવે તો બાળ લગ્નનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ ૨૧ વર્ષથી નીચેનો યુવક તથા ૧૮ વર્ષથી નીચેની યુવતીના લગ્ન કરવા, કરાવવા કે આવા લગ્ન કરાવવામાં મદદગારી કરવી તે પણ ગુનો બને છે તથા આ કાયદા હેઠળ બે વર્ષની જેલની સજા તથા એક લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને સાથે શિક્ષાપાત્ર બને છે. જો આવા લગ્ન કરાવવામાં આવે તો વર-કન્યાના માતા પિતા, લગ્ન કરાવનાર ગોર મહારાજ, સમુહ લગ્નના આયોજકો, કેટરર્સ, મંડપ સર્વિસવાળા, ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, ડી.જે., બેન્ડબાજાવાળા, સહિતના મદદગારી કરનાર તમામ ઈસમો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

જીલ્લામાં કોઈપણ જગ્યાએ બાળલગ્નો જણાઈ આવે તો નીચે મુજબની કચેરીમાં તાત્કાલીક જાણ કરવાની રહે છે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, ભોંય તળીયે, જીલ્લા સેવા સદન -૨, કલેક્ટર કચેરી કંમ્પાઉન્ડ, ગોધરા, જી.પંચમહાલ ફોન નં.૦૨૬૭૨-૨૪૧૪૮૭, મો.નં. ૯૪૨૮૦૨૯૨૫૦, જિલ્લા બાળ સુરક્ષા એકમ, રૂમ નં.૫૯ અને ૬૦, પ્રથમ માળ, જીલ્લા સેવા સદન-૨, કલેક્ટર કચેરી કંમ્પાઉન્ડ, ગોધરા જી.પંચમહાલ ફોન નં.૦૨૬૭૨-૨૪૩૪૮૦, મો. ૮૫૧૧૭૦૨૮૦૯, ચાઇલ્ડ હેલ્પ લાઇન ૧૦૯૮, અભયમ ૧૮૧, પોલીસ કન્ટ્રોલર નંબર ૧૦૦ પર જિલ્લાના નાગરિકોને સંપર્ક કરવા સમાજ સુરક્ષા અધિકારી ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# કોર્ટના હુકમનો અનાદર કરતા ગોધરાના PI અને રાઈટર સામે ધરપકડ વોરંટ

ગોધરા,
ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસ મથકમાં પી.આઈ. તરીકે ફરજ બજાવી ચુકેલા અધિકારી અને પોલીસ મથકના ક્રાઈમ રાઈટર સામે ફરજમાં બેદરકારી અને ગોધરા કોર્ટના હુકમનો અનાદર કરવા તેમજ કોર્ટ દ્વારા શો કોઝ નોટિસ આપવા છતાં તેનો કોઈ જવાબ નહિ આપતા ગોધરા કોર્ટે બંને સામે ગુનાની ફરિયાદ દાખલ કરી ધરપકડ વોરંટ કાઢવામાં આવ્યુ છે.

ગોધરાના ચીફ જ્યુડિ.મેજી.કોર્ટમાં ચાલી રહેલ ક્રિમીનલ કેસમાં પોલીસે તપાસમાં કબ્જે કરેલ મુદ્દામાલ કોર્ટમાં રજુ કરેલ ન હોવાથી કોર્ટે ગોધરા ટાઉન એ-ડીવીઝન પોલીસ મથકના પી.આઈ.ને મુદ્દામાલ રજુ કરવા તા.૨૪/૦૩/૨૩ના રોજ યાદી કરેલી હતી. તેની મુદ્દત તા.૧૧ એપ્રિલ હતી. પરંતુ તે તારીખે પણ સાંજ સુધી પોલીસ દ્વારા કોઈ મુદ્દામાલ રજુ કરાયો ન હતો. અને સાંજે ૪.૩૦ કલાકે હેડ કોન્સ્ટેબલ કોર્ટમાં હાજર થયેલ અને મુદ્દામાલ અગાઉના ક્રાઈમ રાઈટર હેડ દ્વારા જમા લીધેલ હોઈ શોધખોળ ચાલુ હોઈ મુદ્દામાલ મળ્યેથી રજુ કરાશે. તેવો રિપોર્ટ પી.આઈ.ગોધરાની સહીવાળો રજુ કર્યો હતો.તેથી એ ડીવીઝનના પી.આઈ.અને ક્રાઈમ રાઈટરને અદાલતે ફરજમાં બેદરકારી દાખવવા અને મુદ્દામાલ ગુમ કરીને આરોપીઓને લાભ કરાવતા હોવાથી તેમની સામે ગુનો કેમ દાખલ ન કરવો અને તેમની સામે સીઆરપીસી ની કલમ ૩૪૫ મુજબની ફોજદારી કાર્યવાહી કેમ ના કરવી તેનો ખુલાશો તા.૧૫ સુધીમાં કોર્ટે રૂબરૂ હાજર રહી કરવા બાબતની શો કોઝ નોટિસ આપી હતી. પરંતુ તા.૧૫મી એ પણ પી.આઈ.કે રાઈટર કોર્ટમાં હાજર નહિ રહેતા ગોધરાના ચીફ જ્યુડિ.મેજી.જીગ્નેશ ગીરીશભાઈ દામોદ્રાએ બંનેને નોટિસનો કોઈ ખુલાસો કરવો નથી તેમ માનીને એ ડીવીઝનના પી.આઈ.પલાસ અને તા.૧૧/૦૪/૨૦૨૩ના રોજમુદ્દામાલ સંભાળનાર ક્રાઈમ રાઈટર સામે ફોજદારી કાર્યવાહી કરી ફરજમાં બેદરકારી અને કોર્ટના હુકમનો અનાદરના ગુનાની ફરિયાદ દાખલ કરી ધરપકડ વોરંટ કાઢતા પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો છે.